સુવિચાર
''જ્ઞાનનું વીરડા જેવું છે, જેમ ગાળીએ એમ તેની સરવાણી ફૂટતી રહે છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૫/૦૬/૨૦૨૬, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ જેઠ સુદ-૧૧ વર્ષ : ૧૭ અંક : ૧૬૪

## ઉર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિક વેકરિયાનાં હસ્તે

# અમરેલીમાં બહારપરા કુમાર શાળાનું થયું લોકાર્પણ

રૂપિયા ૮૭.૬૦ લાખનાં ખર્ચે નિર્મિત શાળામાં ૦૫ નવા વર્ગખંડ સહિતની સુવિધા

સ્માર્ટ બોર્ડની સુવિધા સાથેનું અત્યાધુનિક શિક્ષણ વિદ્યાર્થીઓને મળશે

પાલિકા પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન, અમર ડેરી ચેરમેન સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા

શિક્ષણ સમિતિનાં ચેરમેન તુષાર જોષી, શાસનાધિકારી આશિષ જોષી પણ હાજર રહ્યા હતા



અમરેલી, તા. ૨૪

અમરેલી શહેરમાં નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત બહારપરા કુમાર પ્રાથમિક શાળાનું ઊર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષસ્થાને લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

રૂા. ૮૭.૬૦ લાખના ખર્ચે નિર્મિત શાળામાં ૦૫ નવા વર્ગખંડ, મધ્યાહન ભોજન માટેનો શેડ, દિવ્યાંગજનો માટે વિશેષ શૌચાલય તથા

અનુસંધાન પાના ૬ ઉપર

### સિવિલ હોસ્પિટલ નજીક મોડી રાત્રીએ બનાવ બન્યો

## અમરેલીમાં પૈસાની સામાન્ય બાબતમાં માથાકૂટ નાનાભાઈએ મોટાભાઈની કરપીણ હત્યા કરી

### સ્થાનિક પોલીસે ઘટના સ્થળે દોડી જઈ આરોપીને ઝડપી લીધો

અમરેલી, તા. ૨૪

અમરેલી શહેરની સિવિલ હોસ્પિટલ અને એસ.ટી. ડેપો નજીક આવેલી ઝૂંપડપટીમાં ગઈકાલે મોડી રાત્રે પૈસાની બાબતે દાદી સાથે પૌત્ર માથાકૂટ કરતો હોય જેથી આરોપીનો સગો મોટા ભાઈ વચ્ચે પડતા તેમાં થયેલી સામાન્ય બોલાચાલીએ ગંભીર

અનુસંધાન પાના ૬ ઉપર



## લીલીયા મોટા ક્રેડિટ સોસાયટીનાં બાકીદારને ૨ વર્ષની સજા

લીલીયા મોટા તા. ૨૫

લીલીયા મોટા ક્રેડીટ કો અલપરેટીવ સોસાયટીમાંથી સભાસદ પ્રકાશભાઈ ધીરૂભાઈવામજા રહે. સલડી તા. લીલીયા હાલ વ્યારા જિ. સુરત એ ધિરાણ મેળવી હપ્તા નહી ભરતા માંગણાની નોટીસ આપતા બાકીદારોએ વ્યાજ તથા મુદ્દલની

અનુસંધાન પાના ૬ ઉપર


શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catering service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS
દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
ડો. જતીન વખારિયા
કન્સલટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS
દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
ડો. પાર્થ જોષી
MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર) મિનિમલી ઈન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જન
દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
ડો. શ્રેયા બુટાલા
MD, DM Gastro (SGPGIMS), Consultant Gastroenterologist and Hepatologist
દર મહિનાના ત્રીજા શુક્રવારે
ડો. પ્રિતિશ શાહ
એમબીબીએસ,એમડી (મેડિસિન), ડીઆરએનબી (નેફ્રોલોજી)
કન્સલટન્ટ નેફ્રોલોજિસ્ટ
લક્ષણો:
પગ માં સોજા ચડવા, બીપી, ડાયાબિટીસ, ભૂખ ઓછી લાગવી, પેશાબમાંથી પ્રોટીન જવું, ઉલટી, ઉબકા, હેડકી, પેશાબ ઓછો કે બંધ થઈ જવો, શ્વાસ ચડવો, તાણ આંચકી
આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : +91 8238984000 & 7698815315
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. 8401801066

LG Life's Good.
Explore the new range of Single Door Refrigerators
Nature Series
SPRING
224 L (D23)
210 L (D22)
Available in: Base Stand & Non-Base Stand
Color options: Wine Royal
LG BEST SHOP મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK

ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. દેવાંગ ટાંક — ગેસ્ટ્રોલોજીસ્ટ
પેટ, આંતરડા તથા લીવરના રોગો અને એન્ડોસ્કોપીના નિષ્ણાંત
તા. ૨૫/૦૬/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૦ થી ૧
ડો. અનિલ સાંજવા — પીડીયાટ્રીક સર્જન
નવજાત શિશુ તથા નાના બાળકોની સર્જરીના નિષ્ણાંત સર્જન
તા. ૨૬/૦૬/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૫ થી ૬
ડો. કલ્પેશ બજાણીયા — ઓર્થો એન્ડ સ્પાઈન સર્જન
મણકા તથા કરોડરજ્જુની સર્જરીના નિષ્ણાંત
તા. ૨૭/૦૬/૨૦૨૬, શનિવારે, સવારે ૧૦ થી ૧૨
( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ

# અમરેલી ખાતે વાલ્મિકી સમાજનો તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો




અમરેલી વાલ્મીકિ સમાજ શિક્ષણ સંગઠન અમરેલી જિલ્લા દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહનું આયોજન તા. ૨૦ને શનિવારના રોજ ડો. આંબેડકર ભવન ખાતે કરવામાં આવ્યું હતું આ તકે સમારોહના અધ્યક્ષ સ્થાને ગુજરાત સરકારના રાજય કક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયાની ઉપસ્થિત રહ્યા હતા, સમાજના ગાદિપતિ પરમ પૂજય જીતુબાપુ, અગ્રણી ઉદ્યોગપતિ દિનેશભાઈ ભુવા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોષી, શાસનાધિકારી જોષી, નગરપાલિકાના દંડક દિલાભાઈ વાળા, શાસક પક્ષના નેતાના પ્રતિનિધિ હરેશભાઈ ચાવડા, નગરપાલિકાના સદસ્ય વિદુરભાઈ ડાબસરા સમાજના આગેવાન કાળુભાઈ વાઘેલા, છનાભાઈ સોલંકી, જયંતિભાઈ નૈયા, નરેશભાઈ ખેંદરા, સંગઠનના પ્રમુખ પંકજભાઈ વાળા અને ઉપપ્રમુખ ભાવેશભાઈ વાળોદરાના સફળ નેતૃત્વમાં ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં વંદેમાતરમ ગાન સાથે શરૂઆત કરવામાં આવી હતી ત્યારબાદ દિપ પ્રાગટય કરી કાર્યક્રમ શરૂ થયેલ પધારેલ મહેમાનોનું પુષ્પગુચ્છ અને શાલ અને ભારતીય બંધારણની બુક આપી સન્માન કરવામાં આવ્યું હતું કૌશિકભાઈ વેકરીયા એમનાં ઉદબોધનમાં જણાવ્યું હતું કે સંગઠન દ્વારા સમાજના વિદ્યાર્થીઓનું સન્માન સમારોહનું આયોજન બદલ શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ વિદ્યાર્થીઓને ઉજળા ભવિષ્ય બદલ અભિનંદન પાઠવ્યા હતા દરેક મહાનુભાવોએ સંગઠનનું માળખું મજબૂત બને અને શિક્ષણનો વ્યાપ વધે તેવા પ્રયત્નો સંગઠન દ્વારા કરવા બદલ સંગઠનની કામગીરીને બિરાદવી હતી આ કાર્યક્રમને સફળ બનાવવા જીલ્લાની ટીમના રાહુલ ગોહેલ, રાજુ ચૌહાણ, મુકેશ વાઘેલા, આનંદ ગરાણીયા, અમરેલી શહેરની ટીમ વિરેન્દ્ર વાઘેલા, લાલજી ચાવડા, ખનેશ ગોહિલ, ગૌતમ ચુડાસમા, જીત સરવૈયા, વિપુલ સોલંકી, ભરત ગોહેલ, કેવલ બારૈયા, કેવલ વાઘેલા, મહિદીપ ચૌહાણ, રાહુલ ખેદરા, બાબરાના સંજય પરમાર, નિલેશ પરમાર, કુંડલાના સંજય જાપડીયા, અરવિંદ બેરડીયા, જાફરાબાદના જીગર ચૌહાણ, વિજય ચૌહાણ, ખાંભા દર્શન ચૌહાણ, અજય ચૌહાણ, ધારીના દિપક સોલંકી, વિક્કી સોલંકી, બગસરા ચેતન કુંભાર, પ્રકાશ કુંભાર, કુંકાવાવ સચિન ગોહેલ અને સાગર વાઘેલા સહિત ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવેલ હતો સમગ્ર કાર્યક્રમનું સંચાલન જીજ્ઞેશ દાફડા કરેલ હતું કાર્યક્રમની આભાર વિધિ સંગઠનના ઉપપ્રમુખ ભાવેશભાઈ વાળોદરાએ કરેલ એમની પત્રકાર યાદીમાં જણાવેલ છે.

### જિલ્લામાં અઠવાડીયાથી કોઈને કોઈ વિસ્તારમાં વરસાદ

## અરે વાહ : રાજુલા શહેરમાં ધીમીધારે વરસાદ : વાતાવરણમાં ઠંડક પ્રસરી

**ડુંગર, માંડળ, કુંભારીયા સહિતનાં ગામોમાં પણ ઝાપટા**



અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લામાં છેલ્લા અઠવાડીયામાંથી કોઈને કોઈ વિસ્તારમાં વરસાદી ઝાપટા પડી રહ્યા છે. આજે રાજુલા પંથકમાં પણ સતત બીજા દિવસે ધીમી ધારે વરસાદ પડયો હતો. શહેર ઉપરાંત ડુંગર, માંડળ, કુંભારીયા સહિતનાં ગામોમાં પણ વરસાદી ઝાપટા પડયાનુ જાણવા મળેલ છે.

### B.A. (Soc)sem-3ની પરીક્ષામાં

## અમરેલીની શ્રીમતી ડી.એચ. કાબરીયા આર્ટ્સ મહિલા કોલેજનુ સર્વશ્રેષ્ઠ ૯૪ ટકા પરિણામ

**સંજના આસોદરીયા, સાનેના ધ્રુવિ, ભૂમિ રાઠોડ અગ્રેસર**





અમરેલી, તા. ૨૪

અમરેલીનાં ગજેરા શૈક્ષણિક સંકુલ સ્થિત શ્રીમતી ડી.એચ. કાબરીયા આર્ટસ મહિલા કોલેજનું B.A. (Soc) સેમ–૩ની વાર્ષિક પરિણામ સર્વશ્રેષ્ઠ ૯૫ ટકા આવેલ છે. જેમાં ૧૦૦ ટકા ફર્સ્ટ કલાક આવેલ છે. કોલેજની વિદ્યાર્થીની સંજના આસોદરીયા, ધ્રુવિ સાનેના અને ભૂમિ રાઠોડ અગ્રેસર છે. ટ્રસ્ટીગણ અને સ્ટાફગણે વિદ્યાર્થીનીઓને શુભેચ્છા પાઠવી છે.

## સુધારો

"અમરેલી એકસપ્રેસ" દૈનિકમાં આજ તા. ૨૪ જૂન–૨૦૨૬નાં રોજ પ્રસિધ્ધ થયેલ અંકનાં પાના નં. ૨ ઉપર અરજદાર વિનોદ રાઠોડનાં નામે **"સાવરકુંડલાનાં વાંશિયાળી ગામની ખાલસા થયેલ જમીનની વિગત છુપાવવાની પોલ ખૂલી"** શિર્ષક હેઠળ જવાબ પ્રસિધ્ધ કરવામાં આવેલ. જેમાં ટેકનિકલ ભૂલથી અરજદારનું નામ વિનોદ બગડાને બદલે વિનોદ રાઠોડ લખાયુ હોય. જો કે ડિજિટલ કોપીમાં તેમાં સુધારો કરવામાં આવેલ છે. જેથી, વાંચકોએ વિનોદ રાઠોડને બદલે વિનોદ બગડા નામ છે તેની નોંધ લેવી.

### લાઠી નજીક આવેલ

## દેરડી જાનબાઈ ગામે જુગાર રમતા ૮ પ્રત્તાપ્રેમી ઝડપાયા

**પોલીસે રૂપિયા ૨૫૯૭૦ કબ્જે કર્યો**



અમરેલી, તા. ૨૪

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત તેમજ વિભાગીય પોલીસ અધિકારી લાઠી વિભાગ વિસ્મય માનસેતાએ અમરેલી જીલ્લાભરમાં તહેવારીયો જુગાર રમતા પતાપ્રેમીઓને ઝડપી પાડવા અને જુગારની બદી દુર કરવા માટે સઘન પેટ્રોલીંગ રાખી તેમજ સફળ રેઈડો કરી જુગારી સામે કડક કાર્યવાહી કરવા સુચના આપેલ હોય, જે અન્વયે લાઠી પોલિસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પે. એમ.બી.એસુરાના માર્ગદર્શન નીચે લાઠી પોલીસ ટીમ દ્વારા જાનબાઈ દેરડી ગામથી સરકારી પીપળવા ગામના રોડે આવેલ બીડમાં લાલાભાઈ સોમજીભાઈ રવોલીયાની વાડીની આગળ આવેલ જાહેર જગ્યામાં ટોર્ચ લાઈટના અંજવાળે પૈસાની હારજીતનો જુગાર રમતા લાઠી તાલુકના દેરડી જાનબાઈ ગામે રહેતા જગદીશભાઈ દીપકભાઈ પરમાર સહીત આઠ પતા પ્રેમીઓને રોકડા રૂા. ૨૫૯૭૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી મજકુર આરોપીઓ વિરૂધ્ધમાં લાઠી પોલીસ સ્ટેશનમાં જુગાર ધારાની કલમ હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરેલ છે.

### વેરાવળ માર્ગ ઉપર બનાવ બન્યો

## ઉના : બાઈક અને પાલિકાનાં ટેમ્પો વચ્ચે અકસ્માત : બાઈકનાં બે ટુકડા થયા

**એક યુવકને હાથ, પગ અને માથાના ભાગે ગંભીર ઈજા**




તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૪

ઉના શહેરના વેરાવળ રોડ પર આવેલ એમ.આર.એફ. ટાયરના શોરૂમ નજીક બુધવારે સ્કૂટર અને નગરપાલિકાના ટેમ્પો વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં વિજય વિષ્ણુભાઈ નામના યુવકને હાથ, પગ અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે યુવકનું સ્કૂટર બે ટુકડામાં વહેંચાઈ ગયું હતું, જયારે નગરપાલિકાના ટેમ્પાનો આગળનો ભાગ વળી ગયો હતો અને આગળનો કાચ પણ તૂટી ગયો હતો.

અકસ્માતનો જોરદાર અવાજ સાંભળીને આસપાસના લોકો તરત જ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સ્થાનિકોની મદદથી ઈજાગ્રસ્ત વિજય વિષ્ણુભાઈને તાત્કાલિક બાઈક પર હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ વિજય વિષ્ણુભાઈ ઉનાથી વેરાવળ તરફ સ્કૂટર પર જઈ રહ્યા હતા. એમ.આર.એફ. ટાયરના શોરૂમ નજીક પહોંચતા સામેથી આવી રહેલા નગરપાલિકાના ટેમ્પા સાથે તેમની સ્કૂટર ધડાકાભેર અથડાઈ હતી. અથડામણ એટલી પ્રચંડ હતી કે બંને વાહનોને ભારે નુકસાન પહોંચ્યું હતું.

સ્થાનિકોના જણાવ્યા મુજબ અકસ્માત જયાં સર્જાયો છે તે સ્થળે તાજેતરમાં નગરપાલિકા દ્વારા રોડ પર પેચવર્ક કરવામાં આવ્યું છે. રોડ સમતળ બનતા વાહનચાલકો પૂરઝડપે વાહનો દોડાવી રહ્યા છે. સ્થાનિકો તેમજ પાલિકાના સભ્યોએ આ વિસ્તારમાં સ્પીડ બ્રેકર મૂકવાની માંગ અનેક વખત ચીફ ઓફિસર સમક્ષ કરી હોવા છતાં હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

આ ઉપરાંત વેરાવળ રોડ પર અનેક સ્થળોએ માર્ગના કામ હજુ પણ અધૂરા છે, જેના કારણે અકસ્માતનું જોખમ સતત વધી રહ્યું છે. નોંધનીય છે કે થોડા સમય પહેલાં ગીરગઢડા રોડ પર ટ્રક અને બાઈક વચ્ચે થયેલા અકસ્માતમાં બે માસૂમ બાળકોએ પોતાના પિતાની છત્રછાયા ગુમાવી હતી. તેમ છતાં માર્ગ સુરક્ષાને લઈને તંત્ર દ્વારા અસરકારક પગલાં લેવામાં ન આવતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિકોનો આક્ષેપ છે કે વારંવાર અકસ્માતો છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. હવે લોકો તાત્કાલિક સ્પીડ બ્રેકર, ચેતવણીના બોર્ડ તેમજ અધૂરા માર્ગના કામો પૂર્ણ કરવાની માંગ ઉઠાવી રહ્યા છે, જેથી ભવિષ્યમાં વધુ કોઈ નિર્દોષ વ્યકિત અકસ્માતનો ભોગ ન બને. સ્થાનિકોનું કહેવું છે કે જો સમયસર જરૂરી સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવામાં નહીં આવે તો આ માર્ગ પર વધુ ગંભીર અકસ્માતો સર્જાવાની શકયતા નકારી શકાય તેમ નથી.

# દામનગર ખાતે જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજનાં અધ્યક્ષ સ્થાને શાળા પ્રવેશોત્સવ યોજાયો








અમરેલી જિલ્લાના દામનગર ખાતે પી.એમ. દામનગર શાળા–૨માં જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના હસ્તે શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા કલેકટરએ આંગણવાડીના ૮, બાલવાટિકાના ૨૪ તથા ધોરણ–૧ના ૪ વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ અપાવી તેમની શિક્ષણયાત્રાનો શુભ પ્રારંભ કરાવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન નવભારત સાક્ષરતા મિશન અંતર્ગત સાક્ષરતા વર્ગનો પણ જિલ્લા કલેકટરના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો. સાથે જ, શાળાએ આવનજાવન માટેના વાહનને લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. જિલ્લા કલેકટરએ વિદ્યાર્થીઓને શિક્ષણનું મહત્વ સમજાવી નિયમિત અભ્યાસ, શિસ્ત અને સંસ્કાર સાથે ઉજજવળ ભવિષ્ય માટે આગળ વધવા માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વાલીઓને પણ બાળકોના શિક્ષણમાં સક્રિય સહભાગી બનવા અપીલ કરી હતી. આ પ્રસંગે આયોજિત રસીકરણ કેમ્પમાં તમામ વિદ્યાર્થીઓનું ૧૦૦ ટકા રસીકરણ થાય તે માટે જિલ્લા કલેકટરએ વાલીઓને જાગૃત બની સહકાર આપવા અપીલ કરી હતી. આ પ્રસંગે શાળા પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેકટર અને પ્રાંત અધિકારી લાઠીના અધ્યક્ષ સ્થાને શાળા વ્યવસ્થાપન સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કલેકટરએ રિવ્યૂ મેળવી અને જરૂરી સૂચનાઓ આપી હતી. કલેકટરએ આંગણવાડીની મુલાકાત કરી અને ભૂલકાઓ સાથે ઉમંગપૂર્વક આંગણવાડીના બહેનોને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં લાઠી–બાબરાના પ્રાંત અધિકારી બ્રહ્મ ભટ્ટ, દામનગર નગરપાલિકાના પ્રમુખ તથા સદસ્યઓ, ટી.પી.ઓ., લાઠી, સી.ડી.પી. ઓ., લાઠીસ લાયઝન અધિકારીએ હિરેનભાઈ પટેલ, તેમજ સ્વાસ્થ્ય વિભાગના કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સુરત ખાતે રહેતાં બે આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ

# મોટી કુંકાવાવ ખાતે રહેતા યુવક સાથે રૂપિયા 3 લાખની છેતરપીંડી કરાઈ

### એક્સપોર્ટનાં બિઝનેશનાં નામે કરાઈ છેતરપીંડી

અમરેલી, તા. ૨૪

સુરત રહેતા સતીષભાઈ કાંતીભાઈ હીરપરા તથા યાજ્ઞીકભાઈ અતુલભાઈ બુહા નામના આરોપીઓ EVEG INTERNATIONAL P.V.T. LTD. કંપની ચલાવતા હોય. જેથી મોટી કુંકાવાવ ગામે આવેલ ઘનશ્યામનગરમાં રહેતા કૌશીકભાઈ સુરેશભાઈ રૂપારેલીયા નામના ૨૯ વર્ષીય યુવકને ગત તા. ૨૨/૬/૨૫ ના રોજ બંન્ને આરોપીઓએ કહેલ કે અમો ઈમ્પોર્ટ-એક્સપોર્ટનો ધંધો કરીએ છીએ અને નાસીકથી લીલી મરચી કન્ટેઈનર મારફતે દુબઈ ખાતે એક્સપોર્ટ કરીએ છીએ. જો તમારે આ કન્ટેઈનરમાં રોકાણ કરવુ હોય તો આ કન્ટેઈનરમાં દસ લાખ રૂપિયાનુ રોકાણ કરવુ પડશે. જો તમે પુરા પૈસા રોકાણ ન કરી શકો તો પચાસ ટકા કંપની રોકશે અને પચાસ ટકાનું તમારે રોકાણ કરવુ પડે તેવી વાત કરી અને યુવકને આરોપીઓએ તેમની વાતના વિસામાં લઈ બન્ને આરોપીઓએ જણાવેલ કે નફાના પૈસા તમને દર મહિને તમારા બેંકના ખાતામાં જમા કરાવી દેશુ. તેમ કહી આ બંન્ને આરોપીઓએ યુવકને વિસમાં લઈ તેની કંપનીમાં રૂપિયા ૫,૦૦,૦૦૦નુ રોકાણ કરાવેલ હતું.

ત્યારબાદ એક મહિનાનો સમય પુરો થતા યુવકે રોકાણ કરેલ રૂપિયા ૫ લાખનો નફો માંગતા આ બન્ને આરોપીઓએ નફો આપવા બાબતે ખોટા વાયદાઓ આપી યુવકના રોકાણ કરેલ રૂપિયાનો નફાની રકમ આપેલ ન હોય અને યુવકે કરેલ રોકાણ રૂપિયા ૫ લાખમાંથી આરોપી સતીષભાઈ કાંતીભાઈ હીરપરાએ યુવકને કટકે કટકે રૂપિયા ૨ લાખ પરત આપેલ હતા અને બાકીના રૂપિયા ૩ લાખ તેમજ તેના નફાની રકમ પરત ન આપી યુવકને વિસમાં લઈ પૈસાનુ રોકાણ કરાવી પૈસા તથા નફાના પૈસા પરત નહી આપી યુવક સાથે વિસઘાત અને છેતરપીંડી કર્યાની યુવકે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી : સિંહોની પજવણીવાળા વીડિયો વાઇરલ કરતા બે ઈસમો સામે વનવિભાગ દ્વારા કાર્યવાહી કરાઈ



અમરેલી, તા. ૨૪

થોડા દિવસ પહેલા ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. Gir_No. Romiyo તથા Gir_No.Sanjay ૧૮૯ માંથી અપલોડ થયેલ સિંહોની પજવણીવાળા વીડિયો ઘણી જગ્યાએ વાઈરલ થયેલ હોય, અને ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. Gir_No.Romiyo તથા Gir_No.Sanjay ૧૮૯ સામેની વનવિભાગ દ્વારા ઉંડાણમા તપાસ કરતા ચીખલકુબા ગામે રહેતા સંજય મોરવાડીયા તથા અજય ચાવડા નામના વ્યક્તિ વિરૂધ્ધ પ્રાથમિક દ્રષ્ટિએ પાંચ ગુનાઓ હોય તેવુ જણાતા તે બાબતની સ્પષ્ટતા અંગે ઉપરોક્ત બન્ને ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. Gir_No.Romiyo તથા Gir_No.Sanjay ૧૮૯ના સંચાલક સંજય મોરવાડીયાને ગત તા. ૨૩ના રોજ નોટિસ મોકલેલ હતી. જે અન્વયે સંજય મોરવાડીયા તા. ૨૪ના રેન્જ કચેરીએ આવી અને પોતાનું નિવેદન નોંધાવેલ હતું. જેમાં તેઓ દ્વારા ઉપરોક્ત બન્ને આઈ.ડી.માં અપલોડ થયેલા સિંહની પજવણીવાળા વીડીયો અન્ય આઈ.ડી. માંથી ડાઉનલોડ કરી અપલોડ કરેલ હોય, જેનુ સ્થળ/સમય પોતાને જાણ નથી.

ઉપરોક્ત બન્ને ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. ની ઉંડાણમાં તપાસ કરતા વન્યપ્રાણી સંરક્ષણ અધિકનિયમનો ભંગ કરતા ફોટા તથા વીડીયો મળી આવેલ હતા. જે અંગેના તેમના નિવેદન મુજબ તેમના દ્વારા વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ અંતર્ગતના ૪ ગુનાઓ (જેના પુરાવા ઈન્સ્ટાગ્રામ આઈ.ડી.માં છે) સ્વિકારેલ છે. તથા ગુનામાં સંડોવાયેલ અજય ચાવડાને રેન્જ કચેરી ખાતે બોલાવી નિવેદન લેવામાં આવેલ. જેમાં તેઓ દ્વારા પણ ફોટા/વીડીયોની સ્પષ્ટતા કરી ઉપરોક્ત ગુનાઓ સ્વિકારેલ છે. જેથી ઉપરોક્ત બન્ને ઈસમો વિરૂધ્ધ અત્રેની તુલસીશ્યામ રેન્જના કોઠારીયા રાઉન્ડ ગુના નં. ૦૩ તા. ૨૪/૬/૨૬થી વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ- ૧૯૭૨ની કલમ ૨૭, ૨૯, ૩૦, ૩૧, ૫૧, અને ૫૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ઘરવામાં આવેલ છે.

# નાની કુંડળ ગામે જુગાર રમતા ૯ ઈસમો ઝડપાયા

અમરેલી, તા. ૨૪

બાબરા તાલુકાના નાની કુંડળ ગામે નવ ઈસમો નાની કુંડળ ગામે આવેલ સાલેમાળ ડુંગરમા આવેલ રમેશભાઈ શામજીભાઈ વાઘેલાની વાડી ખેતરના શેઢે આવેલ ઓરડીના પાછળના ભાગે પડતર જગ્યામાં ખુલ્લામાં પૈસા વડે હારજીતનો તીનપતીનો જુગાર રમતા હોય. આ અંગે સ્થાનિક પોલીસને બાતમી મળતા પોલીસે દરોડો કરી તમામ પતાપ્રેમીઓને રોકડ રકમ રૂપિયા ૧૨,૩૪૦ સાથે રેઈડ દરમ્યાન ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

# લીલીયા મોટા : સરકારી કોલેજ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી



લીલીયા મોટા, તા. ૨૪

ભારતીય સંસ્કૃતિની અમૂલ્ય વિરાસત સમાન યોગને વૈકિ સ્તરે ગેરવ અપાવવાના ઉદેશ્ય સાથે દર વર્ષની જેમ આ વર્ષે પણ સરકારી વિનયન અને વાણિજય કાલેજ, લીલીયા ખાતે ૧૨મા ‘ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ’ની ભવ્ય અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી કાલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ એ. રાઠોડના સીધા માર્ગદર્શન હેઠળ કાલેજના એનસીસી યુનિટ, એનએસએસ યુનિટ અને સપ્તધારા (વ્યાયામ-યોગ-ખેલકૂદ ધારા)ના સંયુકત ઉપક્રમે આ સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૬ની મુખ્ય થીમ ‘સ્વસ્થ વૃદ્ધાવસ્થા માટે યોગ’ (Yoga for Healthy Ageing) રાખવામાં આવી છે, જેનો મુખ્ય હેતુ વધતી ઉંમરે પણ શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને બહેતર જાળવી રાખવામાં યોગના મહત્વને ઉજાગર કરવાનો છે. કાર્યક્રમની શરૂઆત સવારે નિયત સમયે ૬:૩૦ કલાકે પવિત્ર પ્રાર્થના સાથે થઈ હતી. આ વિશેષ પ્રસંગે કાલેજ પટાંગણ માં એક ગરિમાપૂર્ણ માહોલ જોવા મળ્યો હતો, જેમાં લીલિયા મામલતદાર એચ.બી. વાડા તાલુકા વિકાસ અધિકારી વી.એન.ગોહિલ પી.આઈ એમ.ડી. સાળુંકે જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે હોમગાર્ડ જવાન ભાઈઓ-બહેનો, પોલીસ વિભાગના ભાઈઓ-બહેનો, ફોરેસ્ટ સ્ટાફના ભાઈઓ-બહેનો તેમજ કોલેજના અધ્યાપકગણ વહીવટી એન.એસ.એસ. કેડેટસ એનસીસી સ્વયંસેવકો અને કોલેજના વિદ્યાર્થી ભાઈઓ-બહેનો સહિત આશરે ૧૫૦ જેટલા સહભાગીઓ શિસ્તબધ્ધ રીતે યોગ ગણવેશમાં ઉપસ્થિત રહ્યા હતા.

## વાડીએ કુદરતી હાજતે ગયેલ હોય તે સમયે

# સાવરકુંડલાનાં ગોરડકા ગામનાં યુવકનું ચક્કર આવતા મોત નિપજયુ

### માથાનાં ભાગે ગંભીર ઈજા જવાથી મોત થયુ

અમરેલી, તા. ૨૪

મધ્ય પ્રદેશના વતની અને હાલ સાવરકુંડલા તાલુકાના ગોરડકા ગામે રાજુભાઈ ભવાનભાઈ કાતરીયાની વાડીએ રહેતા શાંતીલાલ સોલંકી નામના ૨૧ વર્ષીય યુવક ગત તા. ૨૨ના રાત્રીના આશરે ૧૧ વાગ્યાની આસપાસ ગોરડકા ગામે પોતે ભાગીયુ રાખેલ વાડીએ કુદરતી હાજતે ગયેલ હોય, અને પોતાને વાયની બીમારી હોય જેના લીધે યુવકને ચક્કર આવતા ત્યાં બાજુમાં વાડીમાં આવેલ કુવામાં પડી જવાથી માથાના ભાગે ગંભીર ઈજા થવાથી તેમનું મોત નીપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## જુગારના અડ્ડાઓ પર મેગા સપાટો

# ઉનાના નવાબંદર મરીન પોલીસ દ્વારા એક જ દિવસે બે દરોડા, ૧૪ જુગારીઓ ઝડપાયા

### રૂા. ૬૦,૯૫૦ની રોકડ અને જુગારનું સાહિત્ય કબ્જે



તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના

ઉના, તા. ૨૪

ગીર સોમનાથ જિલ્લામાં જુગાર જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે નવાબંદર મરીન પોલીસે એક જ દિવસે બે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડી કુલ ૧૪ જુગારીઓને ઝડપી પાડ્યા છે. કાર્યવાહી દરમિયાન પોલીસે રૂા. ૬૦,૯૫૦ની રોકડ રકમ તથા જુગાર રમવા માટે વપરાતા ગંજીપત્તા કબજે કરી બંને બનાવોમાં જુગાર ધારા હેઠળ ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રથમ કાર્યવાહી પાલડી ગામના જોષીપરા વિસ્તારમાં કરવામાં આવી હતી. અહીં જાહેર સ્થળે સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા ભરતભાઈ ભીમાભાઈ સોલંકી, ધીરૂભાઈ સામતભાઈ સોલંકી, મનુભાઈ જાદવભાઈ સોલંકી અને લખમણભાઈ રાણાભાઈ સોલંકીને ઝડપી લેવામાં આવ્યા હતા. તેમની પાસેથી રૂા. ૧૭,૪૯૦ની રોકડ રકમ અને ગંજીપત્તાના ૫૨ પત્તા કબજે કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ નવાબંદર ગામના આહીરવાડા વિસ્તારમાં બીજા દરોડામાં મુસ્તાકભાઈ બાબુભાઈ ધૈયમ, નજીમભાઈ હનીફભાઈ ગોરી, નવાઝ જાકુભાઈ શેખ, હનીફભાઈ સલેમાનભાઈ ધૈયમ, શરાફત અનવરહુસેન બહારૂની, ફરભાઈ અબ્દુલભાઈ શેખ, ફેઝલ બસીરભાઈ ચોપડા, અમીનભાઈ આરીફભાઈ મન્સુરી, યાસીનભાઈ મહમદભાઈ આરબ અને ઈમરાનભાઈ મામદભાઈ ચૌહાણને જુગાર રમતા ઝડપી લેવામાં આવ્યા હતા. તેમની પાસેથી રૂા. ૪૩,૪૬૦ની રોકડ રકમ અને ગંજીપત્તાના ૫૨ પત્તા કબજે કરાયા હતા.

બંને દરોડાઓમાં પોલીસે કુલ રૂા. ૬૦,૯૫૦ની રોકડ ઝડપી છે. તમામ આરોપીઓ સામે જુગાર ધારા કલમ હેઠળ ગુના નોંધવામાં આવ્યા છે.

આ સમગ્ર કાર્યવાહી નવાબંદર મરીન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર જે.જે. પરમારના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફે સફળતા પૂર્વક પાર પાડી હતી. મોહરમ તાજીયા બંદોબસ્ત દરમિયાન મળેલી બાતમીના આધારે કરવામાં આવેલી આ કાર્યવાહીએ જિલ્લામાં ગેરકાયદેસર જુગાર ચલાવનારાઓમાં ફફડાટ મચાવ્યો છે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ
મેડીકલેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફક્ત-30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૧૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪







અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

આપણો સમાજ
એજ્યુકેશન કન્સલ્ટન્સી
ધોરણ 10 અને 12 પછી થતા ઉતમ કારકિર્દી ધરાવતા અભ્યાસક્રમો
BSC NURSING | ANM NURSING
MSC NURSING | GNM NURSING
PBBSC NURSING | BHMS / BAMS
B.C.A., B.A., P.T.C., B.ed.
તેમજ ધોરણ 10 અને 12 માં NIOS બોર્ડની વ્યવસ્થા
SC/ST વિદ્યાર્થીઓને 100% સરકાર માન્ય સંપૂર્ણ સ્કોલરશીપ મળવાપાત્ર
Nikunj Chauhan 8141455245 | Bhavesh Vegda 9327122692
:: ઓફિસ ::
પ્રથમ માળ, આકાર કોમ્પ્લેક્ષ, નાના બસ સ્ટેન્ડ, નાગનાથ મંદિર પાસે, અમરેલી - ૩૬૫૬૦૧

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠ્ઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241
















### રેશન સિસ્ટમમાં મોટા ફેરફારની તૈયારી

# રેશન સિસ્ટમમાં પરિવાર દીઠ ૩૫ કિલોની મર્યાદા સાથે આવશે નવો નિયમ

## દેશની જાહેર વિતરણ પ્રણાલી અને રેશનિંગ વ્યવસ્થામાં ફેરફાર થઈ શકે છે, કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા વિધેયક-૨૦૨૬નો મુસદ્દો જાહેર કર્યો

નવી દિલ્હી, તા.૨૪

દેશની જાહેર વિતરણ પ્રણાલી અને રેશનિંગ વ્યવસ્થામાં ટૂંક સમયમાં મોટો ફેરફાર થઈ શકે છે. કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા (સંશોધન) વિધેયક-૨૦૨૬નો મુસદ્દો જાહેર કર્યો છે. આ નવા ખરડામાં અંત્યોદય અન્ન યોજના (AAY) હેઠળ અનાજ વિતરણની પદ્ધતિ બદલવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. સરકારના જણાવ્યા અનુસાર, આ પગલાનો મુખ્ય હેતુ ખાદ્ય સુરક્ષાને વધુ મજબૂત અને ન્યાયસંગત બનાવવાનો છે.

નવા મુસદ્દા પ્રમાણે, અત્યાર સુધી અંત્યોદય અન્ન યોજના હેઠળ દરેક પાત્ર પરિવારને દર મહિને ૩૫ કિલોગ્રામ અનાજ આપવામાં આવતું હતું. હવે તેમાં ફેરફાર કરીને દર મહિને પ્રતિ વ્યક્તિ ૭ કિલોગ્રામ અનાજ આપવાનો પ્રસ્તાવ છે. જોકે, સરકારે સ્પષ્ટ કર્યું છે કે, કોઈપણ પરિવારને મળનારા અનાજની મહત્તમ મર્યાદા દર મહિને ૩૫ કિલોગ્રામ જ રહેશે. એટલે કે પરિવારના સભ્યોની સંખ્યા પ્રમાણે અનાજ વહેંચાશે પણ કુલ જથ્થો નક્કી કરેલી સીમાથી વધશે નહીં.

સરકારનું માનવું છે કે, વર્તમાન વ્યવસ્થામાં પરિવારના કદના આધારે અસમાનતા જોવા મળે છે. નાના પરિવારોમાં વ્યક્તિ દીઠ વધુ અનાજ મળી જાય છે, જ્યારે મોટા પરિવારોમાં વ્યક્તિ દીઠ ઓછું અનાજ આવે છે. આ અસંતુલનને ખતમ કરવા અને તમામ લાભાર્થીઓને સમાન ધોરણે લાભ આપવા માટે આ નવી વ્યવસ્થા લાવવામાં આવી રહી છે.

આ પ્રસ્તાવ લાગુ થવાથી રેશન વિતરણ વ્યવસ્થામાં પારદર્શિતા અને સંતુલન વધશે. તેનાથી એ સુનિશ્ચિત કરી શકાશે કે દરેક વ્યક્તિને તેની જરૂરિયાત મુજબ અનાજ મળી રહે. ખાસ કરીને મોટા અને જરૂરિયાતમંદ પરિવારોને આનો સીધો લાભ મળી શકે છે, કારણ કે હવે રેશનનો જથ્થો પરિવારના સભ્યોની સંખ્યા પર નિર્ભર રહેશે.

કેન્દ્ર સરકારે આ પ્રસ્તાવિત વિધેયક પર સામાન્ય જનતા, નિષ્ણાતો અને હિતધારકો પાસેથી સૂચનો તથા વાંધાઓ મંગાવ્યા છે. રસ ધરાવતા લોકો ૧૩ જુલાઈ ૨૦૨૬ સુધીમાં પોતાના વિચારો અને સૂચનો સરકારને મોકલી શકે છે. આ સૂચનોની સમીક્ષા કર્યા બાદ જ વિધેયકમાં જરૂરી ફેરફારો કરીને આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

### લંડન કોર્ટનો મોટો નિર્ણય!

# નીરવ મોદીને બેંક ઓફ ઈન્ડિયાને રૂ.૧૦૦ કરોડ ચૂકવવાનો આદેશ

## કોર્ટે કહ્યું છે કે તે તેની કંપનીને આપવામાં આવેલી લોન માટે વ્યક્તિગત ગેરંટી હેઠળ ચુકવણી માટે જવાબદાર છે

લંડન, તા.૨૪

હીરા વેપારી નીરવ મોદીને લંડન કોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. લંડન હાઈકોર્ટે નીરવ મોદીને બેંક ઓફ ઈન્ડિયાને ૧૦.૭ મિલિયન ડોલર (લગભગ ૧૦૦ કરોડથી વધુ) રકમ ચૂકવવાનો આદેશ આપ્યો છે.

કોર્ટે જણાવ્યું હતું કે નીરવ મોદી પોતે સહી કરેલી વ્યક્તિગત ગેરંટી હેઠળ ચુકવણી માટે જવાબદાર છે. નીરવ મોદી હાલ લંડનની જેલમાં છે, કારણ કે તેઓ પંજાબ નેશનલ બેંક (PNB) ગોટાળામાં સામેલ છે. ભારત સરકાર તેમને પરત લાવવા માટે પ્રયત્ન કરી રહી છે.જુલાઈ ૨૦૧૨માં, બેંક ઓફ ઈન્ડિયાએ નીરવ મોદીની દુબઈ સ્થિત કંપની, ફાયરસ્ટાર ડાયમંડ FZE ને ૪.૧ મિલિયન ડોલરની લોન આપી હતી. ૩ ઓગસ્ટ ૨૦૧૩ ના રોજ નીરવ મોદીએ આ લોન માટે વ્યક્તિગત ગેરંટી આપી હતી. વ્યક્તિગત ગેરંટીનો અર્થ એ છે કે જો કંપની લોન ચૂકવે નહીં તો ગેરંટી આપનાર ચુકવણી માટે જવાબદાર રહેશે. હવે, વ્યાજ સહિત લોનની રકમ આશરે ૧૦.૭ મિલિયન ડોલર સુધી પહોંચી ગઈ છે.

૨૦૧૮માં પંજાબ નેશનલ બેંક (PNB) કૌભાંડના સમાચાર બહાર આવ્યા પછી, નીરવ મોદીના વ્યવસાય જૂથને કટોકટીનો સામનો કરવો પડ્યો. આ પછી, બેંક ઓફ ઈન્ડિયાએ વસૂલાત પ્રક્રિયા શરૂ કરી અને કંપની અને નીરવ મોદીને નોટિસ મોકલી. જોકે, બેંકે જણાવ્યું હતું કે આ નોટિસોનો કોઈ જવાબ મળ્યો નથી.ફેબ્રુઆરી ૨૦૧૮માં નીરવ મોદીએ બેંકને મોકલેલા ઈમેલમાં સ્વીકાર્યું હતું કે મીડિયા રિપોર્ટ્સ અને તપાસના કારણે તેમની કંપનીઓનો વ્યવસાય લગભગ બંધ થઈ ગયો છે. જેના કારણે બેંકોનું પૈસું પરત કરવાની ક્ષમતા અસરગ્રસ્ત થઈ છે. અદાલતે આ ઈમેલને મહત્વપૂર્ણ પુરાવા તરીકે માન્યું.

નીરવ મોદી માર્ચ ૨૦૧૯થી બ્રિટનની કસ્ટડીમાં છે. તેના પર ભારતમાં PNB કૌભાંડ સંબંધિત ગંભીર આરોપ છે. માર્ચ ૨૦૨૬માં બ્રિટિશ અદાલતે તેમની પ્રત્યર્પણ પ્રક્રિયા ફરી શરૂ કરવાની માંગ પણ ફગાવી દીધી હતી, આનાથી તેના ભારત પાછા ફરવાનો માર્ગ વધુ સ્પષ્ટ થાય છે.આ કેસ PNB કૌભાંડથી અલગ એક સિવિલ રિકવરી કેસ હતો, જે બેંક ઓફ ઈન્ડિયા દ્વારા તેના બાકી રહેલા ભંડોળની વસૂલાત માટે દાખલ કરવામાં આવ્યો હતો. આ કોર્ટનો નિર્ણય બેંક માટે એક મોટી કાનૂની જીત દર્શાવે છે અને નીરવ મોદીને બેંકનું દેવું ચૂકવવા માટે જવાબદાર બનાવવામાં આવ્યો છે.

### ક્રિકેટ જગત માટે દુઃખદ સમાચાર

# દિગ્ગજ ક્રિકેટર બોબ બ્લેરનું બર્થ ડેના દિવસે જ નિધન

## ન્યૂઝીલેન્ડ ક્રિકેટે જાહેરાત કરી હતી કે પૂર્વ ફાસ્ટ બોલર બોબ બ્લેરનું તેમના ૯૪મા જન્મદિવસે જ ઇંગ્લેન્ડમાં અવસાન થયું

વેલિંગ્ટન, તા.૨૪

ન્યૂઝીલેન્ડના દિગ્ગજ ફાસ્ટ બોલર બોબ બ્લેરનું અવસાન થયું છે. તેમણે તેમના ૯૪મા જન્મદિવસે અંતિમ શ્વાસ લીધા. બ્લેરે ૧૯૫૨ થી ૧૯૬૪ દરમિયાન ન્યૂઝીલેન્ડ માટે ૧૯ ટેસ્ટ મેચ રમી હતી, જેમાં ૩૫ની સરેરાશથી ૪૩ વિકેટ લીધી હતી. તેમણે સ્થાનિક ક્રિકેટમાં પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું, ૫૯ ફર્સ્ટ-ક્લાસ મેચોમાં ૧૫ની સરેરાશથી ૩૩૦ વિકેટ લીધી હતી. તેઓ મુખ્યત્વે વેલિંગ્ટન માટે રમ્યા હતા, તો તેમણે એક સમયગાળા માટે સેન્ટ્રલ ડિસ્ટ્રિક્ટ્સનું પ્રતિનિધિત્વ પણ કર્યું હતું.બ્લેરની શ્રેષ્ઠ સીઝન ૧૯૫૬-૫૭ હતી, જે દરમિયાન તેમણે માત્ર ૯ની સરેરાશથી ૪૬ વિકેટ લીધી હતી. તે સીઝનમાં તેમણે બે વાર એક જ ઈનિંગમાં નવ વિકેટ લેવાની નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી હતી. જો કે, તેમને કદાચ ૧૯૫૩ના દક્ષિણ આફ્રિકા પ્રવાસ માટે સૌથી વધુ યાદ કરવામાં આવે છે. એલિસ પાર્ક ખાતેની બીજી ટેસ્ટ દરમિયાન, તેમને દુઃખદ સમાચાર મળ્યા કે તેમની મંગેતર, નેરિસા લવ, તાંગીવાઈ રેલ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ૧૫૧ લોકોમાં સામેલ હતી. આ દુઃખદ સમાચાર છતાં તેમણે મેચમાં રમવાનું ચાલુ રાખ્યું હતું.

બીજા દિવસે જ્યારે ન્યુઝીલેન્ડની ૯મી વિકેટ પડી, ત્યારે બોબ બ્લેર ઈજાગ્રસ્ત બર્ટ સટક્લિફ સાથે બેટિંગ કરવા માટે મેદાનમાં આવ્યા. બંનેએ સાથે મળીને છેલ્લી વિકેટ માટે ૩૩ રન ઉમેર્યા. આ દરમિયાન દક્ષિણ આફ્રિકાના સ્પિનર હ્યુ ટેફિલ્ડ દ્વારા ફેંકવામાં આવેલી એક ઓવરમાં ૨૫ રન આવ્યા. જે તે સમયે એક વિશ્વ રેકોર્ડ હતો. બોબ બ્લેરની આંતરરાષ્ટ્રીય કારકિર્દી તે ઘટનાથી આગળ વધી. તેમણે ૧૯૬૪માં ઓકલેન્ડમાં દક્ષિણ આફ્રિકા સામે તેમની છેલ્લી ટેસ્ટ રમી. આ મેચમાં સાત વિકેટ લઈને યાદગાર વિદાય લીધી. નિવૃત્તિ લીધા પછી પણ બ્લેર ક્રિકેટમાં સંકળાયેલા રહ્યા. તેમણે ૬૦ વર્ષની ઉંમર સુધી રમવાનું ચાલુ રાખ્યું અને બાદમાં ક્વીન્સલેન્ડ, ઝિમ્બાબ્વે, દક્ષિણ આફ્રિકા, ઉત્તરી આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ સહિત વિવિધ સ્થળોએ કોચિંગ આપ્યું. આખરે તેઓ તેમની પત્ની બાર્બરા સાથે ચેશાયરમાં સ્થાયી થયા અને જીવનભર ક્રિકેટ સાથે જોડાયેલા રહ્યા. તેમને શ્રદ્ધાંજલિ આપવા માટે ન્યુઝીલેન્ડની ટીમ ઈંગ્લેન્ડ સામેની ત્રીજી ટેસ્ટના પહેલા દિવસે કાળી પટ્ટી બાંધીને મેદાનમાં ઉતરશે.

### કરમાં અપાઈ મોટી રાહત

# ગિફ્ટ સિટીમાં વિદેશી દારૂના ભાવમાં થશે ધરખમ ઘટાડો!

## જાહેરનામા મુજબ વિદેશી દારૂ પર વસૂલાતો કર ૨૫ પૈસા પ્રતિ રૂપિયા કરતાં વધુ હોય તો વધારાનો કર માફ થશે

ગાંધીનગર, તા.૨૪

ગુજરાતના પાટનગર ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે આવેલું ભારતનું પ્રથમ સ્માર્ટ ફાઈનાન્શિયલ અને ટેકનોલોજી શહેર એટલે ગિફ્ટ સિટી. જેની સ્થાપના ભારતને વૈશ્વિક પટલ પર નાણાકીય સેવાઓના કેન્દ્ર તરીકે વિકસાવવા માટે કરાઈ છે. હવે આ ગિફ્ટ સિટી વિશે હાલ મોટા સમાચાર એ છે કે ગિફ્ટ સિટીમાં વિદેશી દારૂ પર લાગતા કરમાં મોટી રાહત આપવામાં આવી છે. નાણાં વિભાગે નવું જાહેરનામું બહાર પાડ્યું. ગિફ્ટ સિટીમાં મંજૂર થયેલી વાઈન એન્ડ ડાઈન સુવિધાઓમાં પીરસાતા વિદેશી દારૂને કર રાહત આપવામાં આવી છે. આમ તો ગુજરાતમાં દારૂબંધી લાગૂ છે. પરંતુ ગિફ્ટ સિટીમાં ગુજરાત સરકારના નાણા વિભાગે બહાર પાડેલા જાહેરનામા મુજબ વિદેશી દારૂ પર વસૂલાતો કર ૨૫ પૈસા પ્રતિ રૂપિયા કરતાં વધુ હોય તો વધારાનો કર માફ થઈ જશે. નોંધણી થયેલી હોય તેવા એફ એલ થ્રી લાયસન્સ ધરાવતા ડીલરોને આ રાહતનો લાભ મળશે. અત્રે જણાવવાનું કે ગિફ્ટ સિટીમાં ગ્રાહકોને પીરસાતા વિદેશી દારૂ માટે જ રાહત લાગુ પડશે. આ નોટિફિકેશન એ ગુજરાત સરકારના નાણા વિભાગ દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. ગુજરાત વેલ્યુ એડેડ ટેક્સ અધિનિયમ હેઠળ નોટિફિકેશનમાં સુધારો કરવામાં આવ્યો છે. નાણાં વિભાગે ૨૩ જૂન ૨૦૨૬ના રોજ જાહેરનામું બહાર પાડ્યું અને આ જાહેરનામું બહાર પડતાની સાથે જ અમલમાં આવી ગયું છે. સરકાર દ્વારા અગાઉના ૩૧ માર્ચ ૨૦૦૬ના નોટિફિકેશનમાં સુધારો કરવામાં આવ્યો છે. અત્રે જણાવવાનું કે ગિફ્ટ સિટીને વૈશ્વિક નાણાકીય અને વ્યાવસાયિક હબ તરીકે વધુ આકર્ષક બનાવવા માટેનો સરકારનો નિર્ણય છે. ગિફ્ટ સિટીમાં કાર્યરત આંતરરાષ્ટ્રીય કંપનીઓ અને વિદેશી રોકાણકારોને તેનો પરોક્ષ લાભ મળશે. રાજ્ય સરકારે ગિફ્ટ સિટીમાં વ્યવસાયિક વાતાવરણને વધુ અનુકૂળ બનાવવા કર રાહતની જાહેરાત કરી છે.

મહત્વની વાતો

આ કરમુક્તિ માત્ર ગિફ્ટ સિટી ગાંધીનગરના મંજૂર કરાયેલા Wine & Dine વિસ્તારમાં ગ્રાહકોને પીરસવામાં આવતા વિદેશી દારૂ માટે જ લાગૂ પડશે. અન્ય સ્થળો અથવા સામાન્ય વેચાણ માટે આ છૂટ લાગુ નહીં પડે. આ વેચાણ માત્ર એવા નોંધાયેલા ડીલર દ્વારા થતું હોય જેમની પાસે માન્યતા પ્રાપ્ત F.L. III લાયસન્સ હોય. સરકારે VAT ૬૫ ટકાથી ઘટાડીને ૨૫ ટકા કર્યો.કર બાબતે પ્રતિ રૂપિયા ૨૫ પૈસા કરતા વધુ જેટલી પણ કરની રકમ થાય તે ભાગને કરમુક્તિ આપવામાં આવશે. ગુજરાત સરકારના ગેઝેટ જાહેરનામા મુજબ કર રાહતની જોગવાઈ તાત્કાલિક અસરથી લાગુ ગિફ્ટ સિટીમાં હોસ્પિટાલિટી અને સેવા ક્ષેત્રને પ્રોત્સાહન આપવાના હેતુથી નિર્ણય લેવાયોગિફ્ટ સિટીમાં આંતરરાષ્ટ્રીય ધોરણની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકારનું વધુ એક મહત્વપૂર્ણ પગલું

શું છે આ ગિફ્ટ સિટી?

ગિફ્ટ સિટીનું આખું નામ Gujarat International Finance Tec-City છે. ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે બનાવવામાં આવેલું આ ગિફ્ટ સિટી એ ભારતનું પ્રથમ સ્માર્ટ ફાઈનાન્શિયલ અને ટેકનોલોજી શહેર છે. ભારતને વૈશ્વિક નાણાકીય સેવાઓના કેન્દ્ર તરીકે વિકસાવવા માટે આ ગિફ્ટ સિટીની સ્થાપના કરવામાં આવી છે. ગિફ્ટ સિટી ઘણીવાર ભારતના ફાઈનાન્શિયલ કેપિટલ ઓફ ધ ફ્યૂચર તરીકે પણ ઓળખવામાં આવે છે. અત્રે જણાવવાનું આમ તો ગુજરાતમાં દારૂબંધી લાગૂ છે પરંતુ ગુજરાત સરકારે ગિફ્ટ સિટીના નિર્ધારિત વાઈન એન્ડ ડાઈન ફેસિલિટી વિસ્તારમાં વિદેશી દારૂ પીરસવા માટે ખાસ છૂટછાટ આપેલી છે. જેનો હેતુ વૈશ્વિક કંપનીઓ, રોકાણકારો અને વિદેશી વ્યવસાયિકોને વિશ્વ સ્તરની સુવિધાઓ પૂરી પાડવાનો છે.

ગિફ્ટ સિટીમાં કઈ કઈ કામગીરી ચાલે છે

આંતરરાષ્ટ્રીય બેંકિંગ તથા સ્ટોક-કોમોડિટી ટ્રેડિંગ

ફિનટેક અને ટેક્નોલોજી સેવાઓ

વૈશ્વિક નાણાકીય વ્યવહારો, વીમા સેવાઓ જેવી સુવિધાઓ

### ૩૫૦૦ કરોડ રોકડ, સોના-ચાંદીનો રેકોર્ડ ગુમ!

# ૬ વર્ષ અગાઉ રામમંદિર દાન ચોરીની ભવિષ્યવાણી થઈ હતી

## નવેમ્બર ૨૦૨૦માં એક ખાનગી ઓડિટ ફર્મે તેના મેનેજમેન્ટને અત્યંત ગેર-જવાબદાર ગણાવ્યું હતું

અયોધ્યા, તા.૨૪

અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં શ્રદ્ધાળુઓ દ્વારા ચડાવવામાં આવેલા કરોડો રૂપિયાનું રોકડ દાન અને સોના-ચાંદીના દાગીનામાં હેરાફેરીનો મામલો હવે દેશના સૌથી મોટા નાણાકીય વિવાદો પૈકીનો એક બનતો જઈ રહ્યો છે. આ વચ્ચે એક અત્યંત ચોંકાવનારો ખુલાસો થયો છે કે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની રચનાના ગણતરીના મહિનાઓ બાદ, નવેમ્બર ૨૦૨૦માં એક ખાનગી ઓડિટ ફર્મે તેના મેનેજમેન્ટને અત્યંત બિન-વ્યાવસાયિક (ગેર-જવાબદાર) ગણાવ્યું હતું અને ચેતવણી આપી હતી કે અહીં દાનનો કોઈ વ્યવસ્થિત રેકોર્ડ રાખવામાં નથી આવી રહ્યો.

૬ વર્ષ પહેલાં આપવામાં આવેલી આ ચેતવણી અને એક મજબૂત સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) બનાવવાની ભલામણને ટ્રસ્ટ દ્વારા અભરાઈએ ચડાવી દેવામાં આવી હતી, જેનું પરિણામ આજે આ મોટા વિવાદ સ્વરૂપે સામે આવ્યું છે. આ વચ્ચે ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા રચવામાં આવેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) એ મંગળવારે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સરકારને પોતાનો પ્રારંભિક તપાસ અહેવાલ સોંપી દીધો છે.તમને જણાવી દઈએ કે, અયોધ્યામાં રામ મંદિરના નિર્માણનો માર્ગ મોકળો કરનારા સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ ૫ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની રચના કરવામાં આવી હતી. ત્યારથી લઈને અત્યાર સુધીમાં દાગીના જેવી વસ્તુઓ સિવાય માત્ર રોકડ દાન તરીકે જ ટ્રસ્ટને અંદાજે ૩,૫૦૦ કરોડ રૂપિયા મળ્યા હોવાનું અનુમાન છે.

એક અહેવાલ પ્રમાણે ટ્રસ્ટના જ એક ટોચના અધિકારીની વિનંતી પર નવેમ્બર ૨૦૨૦માં એક પ્રતિષ્ઠિત ખાનગી ઓડિટ ફર્મે ઈન્ટરનલ ઓડિટ અને રિસ્ક મેનેજમેન્ટને લઈને એક વિગતવાર સમીક્ષા અહેવાલ સોંપ્યો હતો. આ અહેવાલમાં ગંભીર ખામીઓને ઉજાગર કરવામાં આવી હતી. અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, કામગીરીના સ્તરે મેનેજમેન્ટની કોઈ સ્પષ્ટ રૂપરેખા નથી. ડેટા મેનેજમેન્ટ અને સ્ટાફ અત્યંત બિન-વ્યાવસાયિક છે, જેના કારણે ભ્રામક અને શંકાસ્પદ માહિતી સામે આવી શકે છે. વ્યવહાર અથવા ડેટા એન્ટ્રીના કોઈ પણ સ્તરે સેકન્ડ કે થર્ડ ચેકની કોઈ વ્યવસ્થા ઉપલબ્ધ નહોતી. જવાબદારી નક્કી કરવા માટે કોઈ સંગઠિત માળખું નહોતું.

દાગીના અને કિંમતી ધાતુઓના ગેરમેનેજમેન્ટ અંગે ફર્મે સ્પષ્ટ કહ્યું હતું કે આવા દાન માટે એક યોગ્ય સ્ટોક રજિસ્ટર જાળવવાની સખત જરૂર છે. બીજી તરફ ડેટા મેનેજમેન્ટ અંગે ઓડિટ ફર્મે કહ્યું હતું કે આઈટી સર્વિસ પ્રોવાઈડર કંપનીના સંવેદનશીલ ડેટા મેનેજમેન્ટ, સર્વર અને ડેટા ચોરીની સંવેદનશીલતાને ચકાસવા માટે કોઈ આંતરિક નિયંત્રણ નથી, જેના કારણે નાણાકીય છેતરપિંડી અથવા ડેટા ચોરીનું મોટું જોખમ રહેલું છે.

### ભારતને થશે મોટો ફાયદો!

# ઈરાન પરથી હટ્યા પ્રતિબંધો, હવે દુનિયાને બેધડક વેચશે ઓઈલ

## ૨૧ ઓગસ્ટ સુધી ઈરાનમાંથી નીકળતું ક્રૂડ ઓઈલ, પેટ્રોકેમિકલ અને અન્ય પેટ્રોલિયમ પેદાશોની ડિલિવરી અને વેચાણની મંજૂરી

તેહરાન, તા.૨૪

સ્વિટ્ઝર્લેન્ડમાં યોજાયેલી પ્રથમ રાઉન્ડની વાતચીત બાદ અમેરિકા અને ઈરાન વચ્ચે ઘણા મુદ્દાઓ પર પ્રારંભિક સહમતિ બની છે. આમાં ઈરાનને ઓઈલ વેચાણ માટે મળેલી ૬૦ દિવસની છૂટ સૌથી ખાસ છે. વૈશ્વિક ઉર્જા બજારની સાથે ભારતની દ્રષ્ટિએ પણ આ ખૂબ જ મહત્વપૂર્ણ છે. ભારત પોતાની જરૂરિયાતોનું ઈરાન પાસેથી મોટી માત્રામાં ઓઈલ ખરીદતું હતું. જો કે, અમેરિકાના પ્રતિબંધો બાદ તેમાં ઘટાડો થયો હતો. ઈરાનને ઓઈલ નિકાસમાં છૂટ મળવાથી ભારતને પણ ફાયદો થવાની આશા છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે ૬૦ દિવસના કરાર (MoU) હેઠળ તેહરાનને આ છૂટ મળી છે. ઈરાને તેના બદલામાં હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોની અવરજવરને પ્રભાવિત ન કરવાનું વચન આપ્યું છે. ૬૦ દિવસ સુધી ઈરાનને આ રાહત મળશે. એટલે કે ૨૧ ઓગસ્ટ સુધી તે ક્રૂડ ઓઈલ અને પેટ્રોલિયમ પેદાશોનું વેચાણ કરી શકે છે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે, જ્યારે થોડા કલાકો પહેલા જ અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે કહ્યું હતું કે, સ્વિટ્ઝર્લેન્ડમાં ચાલી રહેલી વાતચીતમાં ઘણી સારી પ્રગતિ થઈ છે.

ટ્રેઝરી વિભાગે ઈરાન જનરલ લાયસન્સ X જાહેર કર્યું છે. આ અંતર્ગત ૨૧ ઓગસ્ટ સુધી ઈરાનમાંથી નીકળતા ક્રૂડ ઓઈલ, પેટ્રોકેમિકલ પેદાશો અને અન્ય પેટ્રોલિયમ પેદાશોના ઉત્પાદન, ડિલિવરી અને વેચાણની મંજૂરી આપવામાં આવી છે. લાયસન્સ અનુસાર, ઈરાની મૂળના ક્રૂડ ઓઈલ, પેટ્રોકેમિકલ પેદાશો અને પેટ્રોલિયમ પેદાશોના ઉત્પાદન, વેચાણ, ડિલિવરી અથવા ઉતારવા સાથે જોડાયેલા એ તમામ જરૂરી વ્યવહારો, જે પહેલા પ્રતિબંધોના દાયરામાં આવતા હતા, તે હવે ૨૧ ઓગસ્ટ સુધી માન્ય રહેશે.

ભારત પોતાની જરૂરિયાતનું લગભગ ૮૫ ટકા ક્રૂડ ઓઈલ આયાત કરે છે. ઈરાનને ઓઈલ વેચાણમાં મળેલી છૂટ ભારત માટે પણ મહત્વપૂર્ણ છે. અમેરિકા-ઈરાન વિવાદના કારણે દુનિયાભરમાં ઓઈલનો પુરવઠો ખોરવાઈ ગયો હતો, જેની અસર ભારત પર પણ પડી હતી. હવે અમેરિકા દ્વારા તેહરાનને આપવામાં આવેલી ૬૦ દિવસની છૂટથી ભારતને પણ મોટો ફાયદો થવાની આશા છે.

અમેરિકાએ ઈરાન પર પ્રતિબંધો લગાવ્યા તે પહેલા સુધી ભારત ઈરાનનું મોટું ઓઈલ ખરીદદાર હતું. વર્ષ ૨૦૧૯માં ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યા બાદ અમેરિકાએ ઈરાન પર પ્રતિબંધો લગાવ્યા હતા, ત્યારબાદ ભારતે તેહરાન પાસેથી ઓઈલની ખરીદી ઓછી કરી દીધી હતી. યુક્રેન યુદ્ધ બાદ ભારત રશિયન ક્રૂડ ઓઈલનું મોટું ખરીદદાર બનીને ઉભરી આવ્યું છે.

# ચોમાસું છોટાઉદેપુર સુધી પહોંચી ગયું ગુજરાતમાં ચોમાસાની વિધિવત એન્ટ્રી, આઠ જિલ્લામાં પ્રવેશ

અમદાવાદ, તા.૨૪

ગુજરાતના ખેડૂતો માટે ખૂબ જ ખુશીના સમાચાર છે. ગુજરાતમાં ચોમાસાના શ્રીગણેશ થયા છે. દક્ષિણ ગુજરાતમાં ચોમાસાનું આગમન થયું છે. ચોમાસું છેક છોટાઉદેપુર સુધી પહોંચી ગયું છે. રાજ્યના ૮ જિલ્લામાં ચોમાસાનું આગમન થયું છે. વલસાડ, સુરત, તાપી, ડાંગ, નવસારી, નર્મદા, ભરૂચમાં પણ ચોમાસાની પધરામણી થઈ છે. છોટાઉદેપુર જિલ્લામાં પણ ચોમાસાની એન્ટ્રી થઈ છે.

સમુદ્રની સપાટી પર ઉત્તર રાજસ્થાનથી ઉત્તર પ્રદેશ થઈને બિહાર સુધી ચોમાસાની સિઝનલ ટ્રફ (ટ્રફ રેખા) હજી પણ સક્રિય છે. મધ્ય અને ઉપલા ટ્રોપોસ્ફિયર પશ્ચિમી પવનોમાં સરેરાશ સમુદ્રની સપાટીથી ઉત્તર પ્રદેશના મધ્ય ભાગોથી રાજસ્થાન થઈને ઉત્તર ગુજરાત સુધી એક ટ્રફ સક્રિય છે. આ સાથે જ ઉત્તર ગુજરાત અને તેની આસપાસના વિસ્તારોમાં હવામાં ચક્રવાતી પવનનું સરક્યુલેશન (Cyclonic Circulation) યથાવત છે. હાલના તબક્કે આ સમગ્ર ક્ષેત્રમાં નીચલા સ્તરે દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ તરફના પવનો ફૂંકાઈ રહ્યા છે, જે ચોમાસાને આગળ વધવામાં મદદ કરી રહ્યા છે. આ સાનુકૂળ હવામાન પ્રણાલીઓને કારણે આગામી દિવસોમાં ગુજરાત સહિત મધ્ય અને ઉત્તર ભારતના રાજ્યોમાં વરસાદી માહોલ જામવાની પૂરેપૂરી સંભાવના છે.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, ૨૯ જૂન સુધી ગુજરાતના હવામાનમાં કોઈ મોટો ફેરફાર થવાનો નથી. આ સાથે આગામી દિવસોમાં કેટલાક વિસ્તારોમાં વરસાદની શક્યતા છે. આજના વેધર રિપોર્ટ પ્રમાણે, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, અમદાવાદ, ગાંધીનગર, ખેડા, આણંદ, પંચમહાલ, મહીસાગર, દાહોદ, અરવલ્લી, મહેસાણા, સાબરકાંઠા, રાજકોટ, બોટાદ, સુરેન્દ્રનગર, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ અને જૂનાગઢમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે વરસાદની આગાહી આપવામાં આવી છે. બીજી બાજુ, આ વર્ષે મુંબઈમાં ચોમાસુ મોડું આવ્યું છે, છતાં તેણે વરસાદની ઋતુ શરૂ થતાં જ તેની તીવ્રતા દર્શાવી દીધી છે. વરસાદને કારણે ગરમી અને ભેજમાંથી રાહત મળી છે, પરંતુ તેના કારણે મુશ્કેલી પણ વધી છે. મુશળધાર વરસાદને કારણે અંધેરી સબવે બંધ કરવો પડ્યો હતો, અને ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી રહેવાસીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. કેટલાક વિસ્તારોમાં વૃક્ષો પડી જવાથી નુકસાનના અહેવાલો પણ છે.

### ઈરાનના રાષ્ટ્ર પ્રમુખે મોકલ્યો સંદેશો

# ખામેનેઈના અંતિમ સંસ્કારમાં આવવા વડાપ્રધાન મોદીને આમંત્રણ

## ૯ જુલાઈના રોજ ખામેનેઈને તેમના વતન મશહદમાં દફનાવાશે

તેહરાન, તા.૨૪

ઈરાનના રાષ્ટ્ર પ્રમુખ મસૂદ પેઝેશ્કિયને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ઈરાન આવવાનું આમંત્રણ આપ્યું છે. આ આમંત્રણ ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનેઈના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા માટે છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઈઝરાયલના હુમલામાં ખામેનેઈનું મોત થયું હતું. જેની સત્તાવાર પુષ્ટિ ઈરાન દ્વારા ૧ માર્ચ ૨૦૨૬ના રોજ કરવામાં આવી હતી.ઈરાનના દિવંગત સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનેઈના અંતિમ સંસ્કાર ૪ જુલાઈ ૨૦૨૬થી શરૂ થઈ રહ્યા છે. ઈરાન અમેરિકા સાથે ડીલ પર કરાર કર્યા પછી આ કાર્યક્રમને પોતાની શક્તિ અને ઈરાની સાર્વભૌમત્વના પ્રદર્શન તરીકે રજૂ કરી રહ્યું છે. ૫ દિવસ પછી ૯ જુલાઈ ૨૦૨૬ના રોજ ખામેનેઈને તેમના વતન મશહદમાં દફનાવવાની સાથે સમાપ્ત થશે. હવે યુદ્ધ સમાપ્ત થયા પછી આ તારીખ નક્કી થઈ છે. ઈરાન આ આયોજનને ભવ્ય બનાવવા માટે પૂરી તૈયારી કરી રહ્યું છે. તેહરાનમાં ૪ અને ૫ જુલાઈએ ખામેનેઈના દેહને જનતાના દર્શન માટે રાખવામાં આવશે.

### ઉજ્જૈન જમીન વિવાદ

# મુખ્યમંત્રી મોહન યાદવનો પરિવાર તપાસના દાયરામાં, કોંગ્રેસ આક્રમક

## આરોપ છે કે જ્યાં સરકારી પ્રોજેક્ટ્સ આવવાના છે તેવા વિસ્તારોમાં જ સીએમના પરિવારે જમીનો ખરીદી છે

ઉજ્જૈન, તા.૨૪

ધાર્મિક નગરી ઉજ્જૈન હાલમાં સિંહસ્થ કુંભ મેળા ૨૦૨૮ની તૈયારીઓને કારણે દેશભરમાં ચર્ચામાં છે. પરંતુ આ વિકાસની સાથે એક મોટો રાજકીય વિવાદ પણ જોડાઈ ગયો છે. અગ્રણી અંગ્રેજી અખબારના અહેવાલ બાદ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવનો પરિવાર તીવ્ર તપાસ અને વિપક્ષના પ્રહારોનો સામનો કરી રહ્યો છે.

આરોપ છે કે જ્યાં સરકારી પ્રોજેક્ટ્સ આવવાના છે અને ઉજ્જૈન માસ્ટર પ્લાન ૨૦૩૫ હેઠળ સૌથી વધુ લાભ થવાનો છે, તેવા વિસ્તારોમાં જ સીએમના પરિવારે મોટા પાયે જમીનો ખરીદી લીધી છે. આ મામલાએ રાજ્યના રાજકારણમાં હિતોના સંઘર્ષનો મોટો પ્રશ્ન ઊભો કર્યો છે.સરકારી રેકોર્ડ મુજબ, ડિસેમ્બર ૨૦૨૩માં મોહન યાદવ મુખ્યમંત્રી બન્યા ત્યારથી લઈને ડિસેમ્બર ૨૦૨૫ સુધીના ૨ વર્ષના ટૂંકા ગાળામાં તેમના પરિવારે ઉજ્જૈન અને તેની આસપાસ ૧૬૮ એકર જમીનમાં ફેલાયેલા ઓછામાં ઓછા ૧૩૭ પ્લોટ ખરીદ્યા છે, જેની કિંમત આશરે ૪૫ કરોડ રૂપિયા આંકવામાં આવી રહી છે. આ ખરીદી સીએમની પત્ની સીમા, પુત્રવધૂ શાલિની, ભાઈઓ નંદલાલ અને નારાયણ, નારાયણની પત્ની રેખા, તેમના પુત્ર અભય યાદવ, અને સીએમના પિતરાઈ ભાઈઓ ગોવિંદ અને નીલેશ યાદવ દ્વારા સીધી અથવા કૌટુંબિક રિયલ એસ્ટેટ કંપનીઓ દ્વારા કરવામાં આવી છે. આમાંના ૧૧૧ એકર પ્લોટ ગરોથ, ઈન્દોર અને ભોપાલ જેવા શહેરોને જોડતા નવા જાહેર થયેલા હાઈવે પ્રોજેક્ટ્સની નજીક આવેલા છે, જેના કારણે અહીં જમીનના ભાવો આસમાને પહોંચ્યા છે. જો અગાઉના વર્ષોનો પણ સમાવેશ કરીએ તો આ પરિવાર પાસે કુલ ૩૩૫ એકર જમીનમાં ફેલાયેલા ૨૪૫ પ્લોટ હોવાનું સામે આવ્યું છે.

મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળતા પહેલા પણ મોહન યાદવ ઉજ્જૈનના વિકાસ કાર્યો સાથે ગાઢ રીતે જોડાયેલા હતા. તેઓ ૨૦૦૪થી ૨૦૧૦ દરમિયાન ઉજ્જૈન વિકાસ સત્તામંડળના અધ્યક્ષ, ૨૦૧૧થી ૨૦૧૩ સુધી એમપી ટુરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશનના વડા અને ૨૦૧૩થી ઉજ્જૈન (દક્ષિણ)ના ધારાસભ્ય તરીકે કાર્યરત રહી ચૂક્યા છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આકરા પ્રહારો કરતા ભાજપની ડબલ એન્જિન સરકારને લૂંટનું એન્જિન ગણાવી છે અને મુખ્યમંત્રીને આ સમગ્ર મામલાના માસ્ટરમાઈન્ડ કહ્યા છે. કોંગ્રેસે સીએમને મધ્યપ્રદેશના નવા જમીનદારનું બિરુદ આપીને ઘેરવાનો પ્રયાસ કર્યો છે.

વિપક્ષનો આરોપ છે કે સીએમ પદ પર આવ્યા બાદ આ કૌટુંબિક જમીનનો ઉપયોગ હાઉસિંગ પ્રોજેક્ટ્સ વિકસાવવા માટે ઝડપી બનાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત ઉજ્જૈન માસ્ટર પ્લાન ૨૦૩૫ હેઠળ કૃષિ જમીનને રહેણાંક કે વાણિજ્યિક ક્ષેત્રમાં બદલવા માટે સ્થાનિક વહીવટીતંત્ર પર દબાણ લાવવામાં આવ્યું હોવાના આક્ષેપો પણ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યા છે.

# સાવરકુંડલા ખાતે પોલીસ અધિક્ષક સંજય ખરાતનાં અધ્યક્ષસ્થાને શાંતિ સમિતિનિ બેઠક યોજાઈ






સાવરકુંડલા હિન્દુ મુસ્લિમોના આવતા આગામી તહેવારો મહોરમ તેમજ રથયાત્રાને અનુલક્ષીને હોય અમરેલી જિલ્લાના વડા પી.આઈ. સંજય ખરાત તેમજ સાવરકુંડલા ડીવીઝન ડીવાયએસપી વિરલ ચંદનની અધ્યક્ષતામાં આજે સાવરકુંડલાની મોઢ વણિક જ્ઞાતીની વાડી ખાતે શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવેલ હતી અમરેલી જીલ્લા પોલીસ તંત્ર દ્વારા પોલીસ મથકને બદલે સમાજની વાડીમાં શાંતિ સમિતિની બેઠક બોલાવીને નવી પહેલ શરૂ કરી છે ને હિન્દુ મુસ્લિમો શાંતિ અને ભાઈચારાથી તહેવારો ઉજવી શકે તે માટે બન્ને સમાજના અગ્રણીઓ સાથે રાજકીય અગ્રણીઓની ઉપસ્થિતિ વચ્ચે પોલીસે લોક દરબાર યોજયો હતો મહોરમના તહેવારને આડે માત્ર ૨ દિવસ બાકી છે ત્યારે અમરેલી જીલ્લા પોલીસ તંત્ર દ્વારા કોમી એકતાની ભાવના સાથે તહેવારોની ઉજવણીઓ થાય તે અંગે પોલીસ મથકને બદલે સાવરકુંડલાના મણિભાઈ ચોક ખાતે આવેલી મોઢ જ્ઞાતીની વાડી ખાત અમરેલી એસપી સંજય ખરાતની વિશેષ ઉપસ્થિતિ વચ્ચે હિન્દુ મુસ્લિમ અગ્રણી આગેવાનો અને ભાજપ કોંગ્રેસના રાજકીય મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ હતો દેશમાં એકતા અને અખંડિતતાનું વાતાવરણ જળવાઈ રહે અને તહેવારો સુખ શાંતિથી ઉજવાઈ તેવી પોલીસ તંત્રની અપીલને ઉપસ્થિત અગ્રણીઓએ વધાવી હતી જયારે સાવરકુંડલાના આંગણે પધારેલા એસપી સંજય ખરાતનું હિન્દુ મુસ્લિમ અગ્રણીઓએ શાલ અને પુષ્પગુચ્છ આપીને સ્વાગત કર્યું હતું આ તકે પોલીસના યોજાયેલા લોક દરબારમાં હિન્દુ મુસ્લિમોએ પોલીસની તહેવારોમાં ફરજ નિષ્ઠા અંગે ખાસ નોંધ લીધી હતી જયારે એસપી સંજય ખરાતે પણ તહેવારો ઉજવવામાં પોલીસ તંત્ર દ્વારાપૂરતા સુરક્ષા વ્યવસ્થા કરી હોવાનું જણાવ્યું હતું ને સોશિયલ મીડિયા પર ખાસ નજર રાખવા એક નેટવર્ક ઉભુ કરીને તકેદારી રાખતું હોવાનું જણાવ્યું હતું.

## ઈનર વ્હીલ કલબ ઓફ અમરેલી ગીરે રાજય કક્ષાએ ૧૪ એવોર્ડ મેળવી જિલ્લાનું ગૌરવ વધાર્યું

અમરેલી, તા.૨૪

વડોદરા ખાતે યોજાયેલ ઈનર વ્હીલ ડિસ્ટ્રિક્ટ ૩૦૬ના ઈન્સ્ટોલેશન સમારોહમાં ઈનર વ્હીલ કલબ ઓફ અમરેલી ગીરે શાનદાર સિદ્ધિ હાંસલ કરી કુલ ૧૪ એવોર્ડ મેળવી અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું હતું.

કલબના પ્રમુખ નિધિ મહેતાને સતત બીજી વખત બેસ્ટ પ્રેસિડેન્ટ રનિંગ ટ્રોફી એનાયત કરવામાં આવી. કલબના સચિવ બીનાબેન ત્રિવેદીને આઉટસ્ટેન્ડિંગ સેક્રેટરી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. ઉપરાંત કલબને રૂપિયા ૫,૦૦૦ નું રોકડ ઈનામ પણ પ્રાપ્ત થયું હતું.

કલબના પાસ્ટ પ્રેસિડેન્ટ મિલીબેન ઠાકરને ડિસ્ટ્રિક્ટ કો – ઓર્ડિનેટર એવોર્ડ એનાયત થયો. કલબને એનિમલવેલફેર ક્ષેત્રે બે એવોર્ડ મળ્યા હતો. હંસાબેન વિનોદને ઓલ્ટરનેટિવ મેડિસિન ક્ષેત્રે ઉત્તમ કામગીરી બદલ એવોર્ડ મળ્યો હતો, જયારે Women's day na (સ્ત્રી સશક્તિકરણ) અભિયાન માટે પણ કલબને સન્માનિત કરવામાં આવ્યું. ઉપરાંત કલબને પ્રતિષ્ઠિત કવિ ગૌરવ પુરસ્કાર સહિત અનેક ક્ષેત્રોમાં કુલ ૧૪ એવોર્ડ પ્રાપ્ત થયા હતા.

વર્ષ ૨૦૨૫ – ૨૬ દરમિયાન પ્રમુખ નિધિ મહેતા, સચિવ બીનાબેન ત્રિવેદી તથા તેમની સમગ્ર ટીમના સંયુક્ત પ્રયાસોથી ૮૦થી વધુ સેવાકીય પ્રોજેકટસ સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવ્યા.કલબના સભ્ય મીતાબેન જોષી દ્વારા અમરેલી જિલ્લાના અનેક ગામોમાં કેન્સર જાગૃતિ સેમિનારોનું આયોજન કરવામાં આવ્યું, જયારે નીતાબેન સોનીએ નિઃશુલ્ક યોગ વર્ગો દ્વારા લોકોના આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનો સરાહનીય પ્રયાસ કર્યો. કલબના દરેક સભ્યએ પોતાની ક્ષમતા મુજબ સેવાકીય પ્રવૃત્તિઓમાં યોગદાન આપ્યું.Women's day na દિવસે ખૂબ મોટી સંખ્યામાં Competion કરવા આવી તે કાર્યક્રમ દીકરાના ઘરે યોજવામા આવ્યો હતો. સાથે વોક ફોર હરનો કાર્યક્રમ ગોઠવામા આવ્યો હતો. એમાં ઘણી સંખ્યામા પગલાનુ દાન કરવામા આવ્યું હતું.




ઈનર વ્હીલ કલબ ઓફ અમરેલી ગીર વર્ષભર ટીંબીના જરૂરિયાતમંદ દર્દીઓની ડીડીઓના હસ્તે ૫૦ કીટ આપવા આવી ૨ દર્દી દત્તક લીધા સહાય, મહિલા સશક્તિકરણ, શિક્ષણ, આરોગ્ય, સ્લમ વિસ્તારનો વિકાસ, પર્યાવરણ, એનિમલ વેલફેર તેમજ અન્ય અનેક સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા સમાજમાં નિઃસ્વાર્થ સેવા આપતી સંસ્થા તરીકે કાર્યરત છે.આ સિદ્ધિઓ બદલ કલબના તમામ હોદ્દેદારો અને સભ્યોને અભિનંદનની વર્ષા થઈ હતી. કલબે પોતાના સેવાકાર્યો અને સમર્પણથી અમરેલીનું નામ રાજયભરમાં ગૌરવપૂર્વક ઉજ્જવળ બનાવ્યું છે.

## ધારીના કરેણ ગામની ગામમાં સિંહોનાં ટોળાએ ચક્કર લગાવ્યું



અમરેલી, તા.૨૪

આમ તો આપણી જુની કહેવત છે કે ''સિંહોના ટોળા ન હોય'' પરંતુ અમરેલી જિલ્લામાં અવાર–નવાર સિંહોનાં ટોળા રેવન્યું વિસ્તારમાં ફરતા હોવાનો દ્રશ્યો સામે આવી રહ્યાં છે.

તાજેતરમાં ધારીનાં કરેણ ગામની ગલીમાં ૫ સિંહણ અને ૪ બાળ સિંહનું ટોળુ શિકારમાં ફરતું હોય, સીસીટીવી કેમેરામાં દ્રશ્ય કેદ થયુ હતું.

### આગામી મહોરમ તહેવારને અનુલક્ષીને

## વડિયા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

### સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા



વડિયા, તા.૨૪

વડિયામાં આગામી દિવસોમાં આવી રહેલા મુસ્લિમ બિરાદરોના પવિત્ર તહેવાર મહોરમને અનુલક્ષીને વડિયા શહેરના પોલીસ સ્ટેશન ખાતે પીઆઈ પી.ડી.ગોહિલના અધ્યક્ષથાને એક મહત્વપૂર્ણ 'શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી તહેવાર શાંતિપૂર્ણ, કોમી એકતા અને ભાઈચારાના વાતાવરણમાં ઉજવાય તે માટેનો હતો. બેઠક દરમિયાન પોલીસ અધિકારીઓ દ્વારા હાજર રહેલા તમામ આગેવાનો અને નાગરિકો સાથે મહોરમના જુલૂસ, રૂટ, કાયદો અને વ્યવસ્થાની જાળવણી તેમજ ટ્રાફિક નિયમન જેવા મહત્વના મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ સાથે જ તહેવાર દરમિયાન શહેરમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર દ્વારા જરૂરી સૂચનો પણ આપવામાં આવ્યા હતા.વડિયા શહેરમાં તમામ કોમના લોકો હળી મળીને અને ઉત્સાહભેર તહેવારની ઉજવણી કરે તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ રહે તે માટે આ બેઠક ફળદાયી નીવડી હતી. આ શાંતિ સમિતિની બેઠકમાં વડિયા શહેરના હિન્દુ – મુસ્લિમ સમાજના અગ્રણીઓ, વેપારી મંડળના સદસ્યો, સ્થાનિક આગેવાનો પોલીસ સ્ટાફ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો. બેઠકના અંતે તમામ આગેવાનોએ વહીવટી તંત્રને સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી આપી હતી.

## ગાવડકા પ્રાથમિક શાળામાં સ્કુલ બેગ અને શુઝનું વિતરણ



અમરેલી, તા. ૨૪

વિઝન ફોર વાઈલ્ડ લાઈફ પ્રોગ્રામ અંતર્ગત ગાવડકા પ્રાથમિક શાળામાં શ્રમિક પરિવારના બાળકોના શિક્ષણમાં મદદરૂપ થવાના હેતુસર સ્કુલ બેગ અને સ્કૂલ શુઝનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ શાળાએ નિયમિતતા તેમ જ સ્વચ્છતા અંગેની સમજ વિકસે તે અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રોગ્રામની પ્રવૃત્તિને ચલાવવા માટે હંમેશા સહયોગ પુરો પાડતા સંસ્થાના દાતા મેહુલભાઈ દેસાઈ (હોન્ડા શો રૂમ) તેમજ બાંભલા (આરએફઓ)ને યાદ કરીને અભિનંદન પાઠવતા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્ય પિયુષભાઈ જોટાણીયા અને સ્ટાફના સહયોગથી પૂર્ણ થયો હતો. સરપંચ બાલુભાઈ ટાંક હાજરી આપી કાર્યક્રમને પ્રોત્સાહિત કર્યો હતો.

## સા.કુંડલા : આંબરડી ખાતે સંયુક્ત પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો

અમરેલી, તા.૨૪

સાવરકુંડલા તાલુકના આંબરડી ગામેં આવેલ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંયુક્ત ઉપક્રમે પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સદસ્ય શરદભાઈ ગૌદાની, પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય લાલભાઈ મોર, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ બાવચંદભાઈ ચોડવડીયા, આઈ.ઈ.ડી. કો–ઓર્ડિનેટર નસીમબેન બેલીમ,પૂર્વ સરપંચ બાબુભાઈ માલાણી, ગિરધરભાઈ પાંચાણી, સી.ડી.માલાણી સહિત ગામના આગેવાનો, વાલીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત શાળાના આચાર્ય એમ.ડી.માલવિયા દ્વારા મહેમાનો અને ઉપસ્થિત સૌનું ઉષ્માભર્યુ સ્વાગત કરીને કરવામાં આવી હતી. પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીના મહત્વ પર પ્રકાશ પાડી શિક્ષણના વ્યાપક પ્રસાર અને બાળિકાઓના શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવાનો સંદેશ આપ્યો હતો.સમગ્ર કાર્યક્રમનું સુંદર અને આત્મ વિશ્વાસપૂર્ણ સંચાલન ધોરણ – ૧૦ની વિદ્યાર્થીની જુલીબેન ચોડવડીયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે જતીનભાઈ ઉપાધ્યાય દ્વારા આભારવિધિ વ્યક્ત કરવામાં આવી હતી.પ્રવેશોત્સવને સફળ બનાવવા માટે સંસ્કૃત વિષયના શિક્ષિકા ઈલાબેન વાળાએ સમગ્ર સ્ટાફ પરિવારના સહયોગથી નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો અને નવા શૈક્ષણિક વર્ષના શુભ પ્રારંભને ઉત્સાહભેર આવકારવામાં આવ્યો હતો.



### આજે અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે

## અમરેલી : સારહિ તપોવન આશ્રમ ખાતે તપેશ્વર મંદિરનો પ્રથમ પાટોત્સવ

### સવારે ૮:૩૦થી ''લઘુરૂદ્ર યજ્ઞ'' યોજાશે

અમરેલી, તા. ૨૪

અમરેલી સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમ ખાતે તપેર મહાદેવ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ને એક વર્ષ તા. ૨૫ જુન ૨૦૨૬ના રોજ પૂર્ણ થતા ''લઘુરૂદ્ર યજ્ઞ''નું આયોજન કરવામાં આવેલ છે. ''લઘુરૂદ્ર યજ્ઞ''નો સમય સવારે ૮:૩૦ થી શરૂ થશે. જેમાં યજમાન તરીકે સારહિ યુથ કલબ ઓફ અમરેલીનાં પ્રમુખ મુકેશ સંઘાણી સહ પરિવાર બેસશે જેમનું પૂર્ણાહુતી સાંજે ૫:૦૦ કલાકે થશે તેમજ ગાયત્રી યજ્ઞ સવારે ૭:૪૫ થી ૧૦:૦૦ સુધી રહેશે. આ પાવન અવસરે સૌ ભાવિક ભકતજનોને સહપરિવાર પધારી લાભ લેવા સારહિ પરિવારનું હાર્દિક આમંત્રણ છે.



# બાબરાનાં વાંકીયા, ઈશ્વરીયા અને ગમાપીપળીયા ગામમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો






બાબરા તાલુકાના વાંકીયા, ઈરીયા તેમજ ગામા પીપળીયા ગામોની પ્રાથમિક શાળાઓ ખાતે શાળા પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવ–૨૦૨૬ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમ દરમિયાન નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું તિલક કરી, ફૂલહાર પહેરાવી તેમજ શૈક્ષણિક કિટ અર્પણ કરીને હર્ષભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ ઉપસ્થિત વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને સંબોધતા જણાવ્યું હતું કે શિક્ષણ એ બાળકના જીવનનો મજબૂત પાયો છે. રાજય સરકાર દ્વારા શિક્ષણના વ્યાપ અને ગુણવત્તામાં વધારો થાય તે માટે વિવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવી રહી છે. શાળા પ્રવેશોત્સવનો મુખ્ય હેતુ દરેક બાળકને શિક્ષણ સાથે જોડવાનો અને કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તેની ખાતરી કરવાનો છે. તેમણે વાલીઓને પોતાના બાળકોને નિયમિત શાળાએ મોકલવા તેમજ ખાસ કરીને દીકરીઓના શિક્ષણ પ્રત્યે જાગૃત રહેવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન શિક્ષણ વિભાગના અધિકારીઓ અને શિક્ષકગણે શાળામાં ઉપલબ્ધ શૈક્ષણિક સુવિધાઓ, સરકારની વિવિધ વિદ્યાર્થીલક્ષી યોજનાઓ તેમજ શિક્ષણ ક્ષેત્રે થયેલા વિકાસકાર્યો અંગે માહિતી આપી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ બાળકો સાથે સંવાદ સાધી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે જીલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયતના પ્રમુખ, ગામના સરપંચો, તાલુકા પંચાયતના હોદેદારો, તાલુકા ભાજપના પ્રમુખ, મહામંત્રી તથા આગેવાનો, શિક્ષણ વિભાગના અધિકારીઓ, શાળા પરિવાર, એસ.એમ.સી.ના સભ્યો, ગ્રામજનો, વાલીઓ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના આ કાર્યક્રમો દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિનો વધુ વ્યાપ વધ્યો હતો અને નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે સૌએ શિક્ષણના પ્રસાર–પ્રચાર માટે સંકલ્પ વ્યકત કર્યો હતો અને બાળકોના સર્વાંગી વિકાસ માટે સહિયારા પ્રયાસો કરવાની પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી.

# બાબરામાં પીએમ તાલુકા શાળા, કન્યા શાળા અને અમરાપરા બ્રાન્ચ શાળાના સંયુકત શાળા પ્રવેશોત્સવની ઉજવણી







તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા







બાબરા શહેરની પીએમશ્રી તાલુકા કુમાર શાળા, કન્યા શાળા તથા અમરાપરા બ્રાન્ચ શાળાના સંયુકત ઉપક્રમે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ રાજયના નર્મદા વોટર્સ રિસોર્સ એન્ડ સપ્લાય વિભાગના જોઈન્ટ સેક્રેટરી વનરાજભાઈ પઢીયારના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ધોરણ–૧માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ તેમજ બાલમંદિરના નાનકડા ભૂલકાઓને શૈક્ષણિક કીટ અર્પણ કરી તેમનું શાળામાં નામાંકન કરી હર્ષભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભે વિદ્યાર્થીઓમાં ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળ્યો હતો. તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન અને શાળાના દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાબરાની જાણીતી સેવાભાવી સંસ્થા યુથ વેલફેર ફેડરેશન દ્વારા સમાજોપયોગી પહેલરૂપે તાલુકા શાળા, કન્યા શાળા, અમરાપરા બ્રાન્ચ શાળા તેમજ ડો. એ.પી.જે. અબ્દુલ કલામ શાળામાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાની આ સેવાકીય પ્રવૃત્તિને ઉપસ્થિત સૌએ બિરદાવી હતી. કાર્યક્રમમાં બાબરા નગરપાલિકાના પ્રમુખ રમેશભાઈ પરવાડીયા, ઉપપ્રમુખ યજ્ઞેશભાઈ શુકલ, શહેર ભાજપ મહામંત્રી જગદીશભાઈ વાવડિયા, એસએમસી અધ્યક્ષ આસિફભાઈ વાળા, પાલિકા સભ્ય શિવુભાઈ ખાદા, નરૂદાદા ત્રિવેદી, હસુભાઈ જોષી, રમજાનભાઈ જીવાની, પત્રકાર રાજુભાઈ બસિયા, ઉદ્યોગ અગ્રણી નરેશભાઈ દસલાણીયા, શોકતભાઈ ગાંગાણી, સુરેશભાઈ ભાલાળા, ભુપતભાઈ બસિયા, પૂર્વ નગરપાલિકા પ્રમુખ ખીમજીભાઈ માઢ, કિશોરભાઈ મકવાણા, આચાર્ય દક્ષાબેન સરવાળિયા, લાયઝન અધિકારી સંજયભાઈ વસાણી, અરવિંદભાઈ ત્રિવેદી, અમિતભાઈ દસલાણીયા, મહેન્દ્રભાઈ સોલંકી, નરેશભાઈ ઉપાધ્યાય સહિતના સામાજિક અને શૈક્ષણિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે નગરપાલિકા પ્રમુખ રમેશભાઈ પરવાડીયા સહિતના મહાનુભાવોએ શિક્ષણના મહત્વ, કન્યા કેળવણી અને સર્વાંગી વિકાસ અંગે પ્રાસંગિક માર્ગદર્શન પૂરૂં પાડયું હતું. વાલીઓને બાળકોના શિક્ષણ પ્રત્યે વધુ જાગૃત બનવા અનુરોધ પણ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શિક્ષકવિપુલભાઈ ત્રિવેદીએ કર્યુહતું. કાર્યક્રમને સફળ બનાવવા શિક્ષક ભાર્ગવભાઈ ત્રિવેદી, ડી.બી. કોટડિયા, સત્યજિતભાઈ, બીપીનભાઈ સહિત સમગ્ર શિક્ષક સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને નાગરિકોની ઉપસ્થિતિએ કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો.

## પાના ૧ ઉપરનું ચાલું લીલીયા મોટા ક્રેડિટ સોસાયટીનાં

ગણતરી કરી ચેક રૂા. ૭,૦૩,૨૦૮નો આપેલ આ ચેક રીટર્ન થતામંડળીના મેનેજીંગ ડાયરેકટર મગનભાઈ હરીભાઈ વિરાણીએમંડળીના લીગલ એડવાઈજર કિશોરપાઠક મારફત લીલીયા અદાલતમા ફોજદારી કેસ નં ૧૫૧/૨૦૨૫નો દાખલ કરતા કેસ ચાલી જતા આ સભાસદ પ્રકાશભાઈ ધીરૂભાઈ વામજા રહે. સલડી વાળાને બે વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમ વ્યાજ સહિત વળતર રૂપે મંડળીને ચુકવવા આદેશ કરેલ છે. જો ચેકની રકમ ૬૦ દિવસમાં ન ચુકવે તો વધુ છ માસની સજા ભોગવવા હુકમ કરેલ છે.

આમ નામદાર લીલીયા અદાલતનો આદેશ થતા બાકીદારોમા ફફડાટ વ્યાપી ગયેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું પગથીયા પરથી પડી જવાથી મોત

આઠેકવાગ્યે પોતાના ઘરે મકાનની પાળ ચડતી વખતે પગથીયેથી પગ લપસી જતા નીચે પડી જતા માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થતાં સારવાર માટે દવાખાને ખસેડાયેલ જયાં તેમનુ હેમરેજ થવાથી મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

બીજા બનાવમાં ધોરાજી ગામના વતની અને હાલ બગસરા રહેતા મુસ્તુફાભાઈ મહમદભાઈ સીપાઈ નામના ૪૦ વર્ષિય યુવકને વ્યસનના કારણે માનસિક બીમાર રહેતા હોય. જુનાગઢ સરકાર દવાખાનાની દવા પણ ચાલું હોય. જેથી પોતાને લાગી આવતા ગત તા. ૨૨નાં રોજ સવારના આશરે ૫ થી ૬નાં સમયગાળા દરમિયાન બગસરા ગળાફાંસો ખાય લેતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૦૮૦ | ૧૪૩૦ |
| ૨ | શિંગદાણા | ૧૬૭૫ | ૨૦૨૦ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૪૧૫ | ૧૭૪૫ |
| ૪ | તલ સફેદ | ૧૨૦૦ | ૨૬૭૫ |
| ૫ | તલ કાળા | ૨૧૫૦ | ૩૬૧૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૦૨૦ | ૨૪૩૫ |
| ૭ | બાજરો | ૩૦૫ | ૩૭૦ |
| ૮ | જુવાર | ૮૪૦ | ૧૧૨૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૧૫ | ૫૭૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૧૫ | ૫૧૦ |
| ૧૧ | મકાઈ | ૪૧૫ | ૪૪૦ |
| ૧૨ | મગ | ૧૨૦૦ | ૧૬૫૦ |
| ૧૩ | અડદ | ૮૦૦ | ૧૫૭૫ |
| ૧૪ | ચણા | ૮૦૦ | ૧૧૬૦ |
| ૧૫ | ચણા દેશી | ૮૬૫ | ૧૦૯૦ |
| ૧૬ | સફેદ ચણા | ૧૦૦૫ | ૧૧૭૫ |
| ૧૭ | છોલે ચણા | ૧૦૧૦ | ૧૧૭૫ |
| ૧૮ | તુવેર | ૮૫૦ | ૧૪૬૦ |
| ૧૯ | વાલ | ૮૬૦ | ૮૬૦ |
| ૨૦ | કપાસ | ૯૧૫ | ૧૮૯૫ |
| ૨૧ | એરંડા | ૧૦૨૦ | ૧૩૪૦ |
| ૨૨ | જીરૂ | ૨૫૦૦ | ૩૯૬૦ |
| ૨૩ | ધાણા | ૨૪૦૦ | ૨૭૪૫ |
| ૨૪ | ધાણી | ૨૪૦૦ | ૨૮૦૦ |
| ૨૫ | મેથી | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૨૬ | સોયાબીન | ૧૧૬૦ | ૧૪૬૫ |
| ૨૭ | રજકાનું બી | ૪૦૫૦ | ૧૦૧૦૦ |
| ૨૮ | વરીયાળી | ૧૩૦૦ | ૧૪૨૦ |
| ૨૯ | કાંગ | ૪૨૦ | ૫૩૦ |

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં ડ્રોપઆઉટ રેશિયો

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને ઉછેર માટે પ્રતિબદ્ધતા સાથે મહેનત કરે છે. આજે ગુજરાતની સરકારી શાળાઓ આધુનિક સુવિધાઓની સાથે કોમ્પ્યુટર લેબ, સ્માર્ટ કલાસ સહિતની અદ્યતન શૈક્ષણિક સુવિધાઓથી સજજ છે.

રાજયમંત્રીએ પ્રેરક સંબોધન કરતા જણાવ્યું કે, જિલ્લામાં ડ્રોપઆઉટ રેશિયો ઝીરો કરવાની નેમ સાથે કામગીરી કરવાનું લક્ષ્યાંક છે. અમરેલી તાલુકાની વિવિધ સરકારી શાળાઓના નવા અદ્યતન સુવિધાસભર બિલ્ડિંગો આકાર પામી રહ્યા છે. માત્ર શિક્ષણ નહીં પરંતુ મજબૂત આંતરમાળખાકીય સુવિધાઓ પણ વિકસિત કરવામાં આવી રહી છે. તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાને શિક્ષણ વ્યવસ્થા મજબૂત બનાવવાનું કામ કર્યુ છે. દીકરાઓ સાથે દીકરીઓ પણ ભણી ગણીને આગળ વધી દેશનું ઉજ્જ્વળ ભાવિ બને તે દિશામાં આપણે સૌએ સહિયારા પ્રયત્નો કરવા જરૂરી છે. આ તકે, મંત્રીએ શાળામાં પ્રવેશ મેળવનાર ભૂલકાઓ, બાળકોની સાથે દાતાઓના સહયોગને બિરદાવીને શુભેચ્છાઓ પાઠવી હતી.

શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ થકી નામાંકન દર વધ્યો છે. દીકરીઓ ધોરણ ૮ બાદ પોતાનું શિક્ષણ ન છોડે તે દિશામાં સરકાર પ્રયાસો કરે છે, આપણે પણ આ પ્રયાસોને ટેકો આપીએ તો ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત કરવું સરળ બનશે.

આ તકે દરેક શાળામાં વિદ્યાર્થીઓએ માર્ગ સલામતી, પર્યાવરણ બચાવો, જળ સંરક્ષણ, વિજ્ઞાનના યુગમાં આપણી જવાબદારી જેવા વિષયો અન્વયે પોતાના વિચારો અભિવ્યકત કર્યા હતા. સાથે બાળકોને પ્રવેશ વેળાએ મહાનુભાવોના હસ્તે શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતુ. જ્ઞાનસાધના સ્કોલરશિપ, સી.ઈ.ટી. પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ તેમજ શૈક્ષણિક વર્ષમાં સિદ્ધિઓ મેળવનાર તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું, તેમને ઈનામો સાથે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. દાતાઓની સેવાને બિરદાવીને તેમનું શાલ અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે સૌએ માર્ગ સલામતીના નિયમોનું પાલન કરવાની પ્રતિજ્ઞા સાથે શપથ લીધા હતા.

આ પ્રસંગે જિલ્લા પંચાયત સભ્ય સંજયભાઈ વાળા, તાલુકા પંચાયતના હોદ્દેદારો વિપુલ પાંચાણી, આગેવાન પી.વી. વસાણી, કુંકાવાવ એ.પી.એમ.સી. વાઈસ ચેરમેન રમેશભાઈ સાંકરીયા, બી.આર.સી. કોર્ડિનેટર, ઈરીયા સરપંચના પ્રતિનિધિ દેવશીભાઈ સોંદરવા અને આચાર્ય ભાવેશભાઈ ગોંડલિયા, બાંભણીયા સરપંચ ચંદ્રીકાબેન ભુવા અને આચાર્ય મનોજભાઈ ગજેરા, દડવા રાંદલ સરપંચ અને પ્રાથમિક શાળાના આચાર્ય, માધ્યમિક શાળાના આચાર્યો, શિક્ષકો, ગામના અગ્રણીઓ અને વડીલો, દાતાઓ, બહોળી સંખ્યામાં ગ્રામજનો સાથે વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૨૬ | ૧૪૫૮ |
| ૨ | શીંગ મોટી | ૧૨૯૫ | ૧૩૮૨ |
| ૩ | શીંગ દાણા | ૧૫૦૧ | ૨૧૫૦ |
| ૪ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૫૧ |
| ૫ | તલ કાળા | ૨૯૦૦ | ૩૬૮૭ |
| ૬ | જીરૂ | ૩૦૦૦ | ૩૪૭૦ |
| ૭ | કપાસ | ૧૫૦૧ | ૧૮૫૭ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૦ | ૪૮૪ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૦ |
| ૧૦ | બાજરો | ૩૭૦ | ૫૧૧ |
| ૧૧ | જુવાર | ૮૦૦ | ૧૦૭૧ |
| ૧૨ | મગ | ૧૩૦૦ | ૧૬૪૦ |
| ૧૩ | ચણા | ૧૦૫૦ | ૧૧૫૧ |
| ૧૪ | તુવેર | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ૧૫ | એરંડી | ૧૨૦૦ | ૧૩૩૫ |
| ૧૬ | મેથી | ૧૧૦૦ | ૧૩૩૦ |
| ૧૭ | ધાણા | ૨૨૦૦ | ૨૯૦૦ |
| ૧૮ | સોયાબીન | ૧૨૦૦ | ૧૪૨૧ |

## પાના ૧ ઉપરનું ચાલું મોટાભાઈની કરપીણ હત્યા કરી

વળાંક લીધો હતો અને સગા નાનાભાઈએ તિક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી પોતાના મોટાભાઈની હત્યા કરી નાખતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક દોડી આવી હતી અને આરોપીને નાસી છૂટે તે પહેલાં ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

આ બનાવમાં પ્રાપ્ત વિગતો મુજબ અમરેલીની સિવિલ હોસ્પિટલ અને એસ.ટી. બસ સ્ટેન્ડ નજીક આવેલ ઝૂંપડપટી વિસ્તારમાં રહેતા મનોજ મુકેશભાઈ વણોદિયાની તેમના સગા નાનાભાઈ મયુર મુકેશભાઈ વણોદિયા દ્વારા હત્યા કરવામાં આવી હતી.

જાણવા મળ્યા મુજબ આરોપી મયુર મુકેશભાઈ વણોદિયા પોતાની દાદી સાથે પૈસાની બાબતે બોલાચાલી કરતો હતો. તે આરોપીનો મોટાભાઈ મનોજ વણોદિયા વચ્ચે પડી પોતાના ભાઈને સમજાવવા જતા દરમિયાન મામલો ઉગ્ર બન્યો હતો. આ દરમિયાન આરોપી મયુર વણોદિયાએ ઉશ્કેરાઈ જઈ તિક્ષ્ણ હથિયાર વડે પોતાના મોટાભાઈ મનોજ વણોદિયા પર હુમલો કર્યો હતો. હુમલામાં મનોજને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટના સ્થળે જ મોત નિપજયું હતું.

હત્યાની ઘટનાની જાણ થતાં અમરેલી શહેર પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. બનાવ બાદ આરોપી નાસી છૂટવાનો પ્રયાસ કરે તે પહેલાં જ પોલીસે તેને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે હત્યાનો ગુનો નોંધી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખાતે ખસેડયો હતો. બનાવ અંગે વધુ તપાસ ચાલી રહી છે. સગા ભાઈએ જ પોતાના મોટાભાઈની હત્યા કરતા સમગ્ર વિસ્તારમાં શોક અને ચકચારનો માહોલ સર્જાયો છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૧૦ | ૧૭૦૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૦૦ | ૧૫૯૦ |
| ૩ | મગફળી | ૧૨૨૦ | ૧૨૯૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૪૦ | ૨૩૭૦ |
| ૫ | તલ કાળા | ૩૧૨૦ | ૩૩૩૦ |
| ૬ | જીરૂ | ૨૮૧૫ | ૩૮૭૫ |
| ૭ | ચણા | ૧૧૨૪ | ૧૧૫૬ |
| ૮ | ઘઉં | ૪૫૫ | ૫૧૫ |
| ૯ | એરંડા | ૧૦૫૫ | ૧૨૧૫ |
| ૧૦ | તુવેર | ૧૧૬૦ | ૧૨૯૦ |
| ૧૧ | મગ | ૧૩૨૫ | ૧૫૩૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૧૦૦ | ૧૩૪૦ |
| ૨ | ઘઉં લોકવન | ૩૫૦ | ૪૮૧ |
| ૩ | મેથી | ૧૧૩૫ | ૧૧૩૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૦૬ | ૫૦૬ |
| ૫ | તુવેર | ૧૧૨૫ | ૧૩૩૦ |
| ૬ | ચણા | ૯૫૫ | ૧૧૦૪ |
| ૭ | કાંગ | ૪૧૦ | ૪૧૦ |
| ૮ | ધાણા | ૨૫૦૦ | ૨૭૦૦ |
| ૯ | તલ કાળા | ૧૫૦૦ | ૩૧૮૧ |
| ૧૦ | શીંગદાણા | ૧૩૪૦ | ૧૭૫૦ |
| ૧૧ | સોયાબીન | ૧૨૫૦ | ૧૩૮૨ |
| ૧૨ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૪૫૫ |
| ૧૩ | મગ | ૧૫૬૧ | ૧૬૦૦ |
| ૧૪ | શીંગફાડા | ૧૪૦૦ | ૧૬૦૦ |

## વડેરામાં જુગાર રમતાં ૯ પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૨૪

અમરેલી તાલુકાનાં વડેરા ગામે રહેતા નવ જેટલા ઈસમો અમરેલી તાલુકાના વડેરા ગામથી આંકડીયા જવાના ગાડા માર્ગ ઉપર આવેલ હિંમતભાઈ સુખભાઈ જાદવની વાડીના નળમાં ખુલ્લી જગ્યામાં ગત તા. ૨૨ રાત્રે ૧૨:૪૫ કલાકે જાહેરમાં હાથબતીના અજવાળે પૈસાની હારજીતનો નીતપતીનો જુગાર રમતા હોય. આ અંગે અમરેલી તાલુકા પોલીસને બાતમી મળતા પોલીસે દરોડો પાડી રોકડા રૂપિયા ૧૦,૧૬૦ તથા હાથબતી કિંમત રૂપિયા ૧૦૦ મળી કુલ રૂપિયા ૧૦,૨૬૦નાં મુદામાલ સાથે તમામ પતાપ્રેમીઓ પકડાઈ જતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં બહારપરા કુમાર શાળાનું

દિવ્યાંગ રેમ્પ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સુવિધાઓથી વિસ્તારના વિદ્યાર્થીઓને વધુ અનુકૂળ અને સુવિધાસભર શૈક્ષણિક વાતાવરણ પ્રાપ્ત થશે.

શાળાનો સમાવેશ મિશન સ્કૂલ ઓફ એકસેલન્સ અંતર્ગત કરવામાં આવ્યો હોવાથી શાળાને સ્માર્ટ બોર્ડ સહિતની આધુનિક ટેકનોલોજીકલ સુવિધાઓનો લાભ મળશે. જેના પરિણામે વિદ્યાર્થીઓને ડિજિટલ અને આધુનિક શિક્ષણ સાથે ગુણવત્તાયુકત અભ્યાસની નવી તકો પ્રાપ્ત થશે.

આ પ્રસંગે મંત્રીએ વિદ્યાર્થીઓનું અભિવાદન ઝીલી તેમને ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. શાળાના પરિસરમાં વૃક્ષારોપણ કરી મંત્રીએ વિદ્યાર્થીઓને પર્યાવરણના જતનનો સંદેશો આપ્યો હતો. મહાનુભાવોએ નંદઘરની મુલાકાત લઈ ભૂલકાઓ વ્હાલ વરસાવ્યું હતું.

બહારપરા કુમાર પ્રાથમિક શાળામાં વિસ્તારના ૧૫૨ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. નવી સુવિધાઓથી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને વધુ વેગ મળશે તેમજ શિક્ષણની ગુણવત્તામાં વધારો થશે.

આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ વૈશાલીબહેન માંગરોળીયા, ઉપપ્રમુખ વિરલભાઈ પોપટ, કારોબારી સમિતિના ચેરમેન મૌલિકભાઈ ઉપાધ્યાય, અમર ડેરી ચેરમેન અનિભાઈ સાવલીયા, નગરપ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ તુષારભાઈ જોશી, શાસનાધિકારી આશિષ જોશી, અગ્રણી વિજયભાઈ ચોટલીયા, નગરપાલિકાના સભ્યો, શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો, આચાર્ય, શિક્ષકો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અવસાન નોંધ

**અમરેલી :** અમરેલી નિવાસી ઔદિચ્ય સહસ્ત્ર સાડાચારસો બ્રાહ્મણ જ્ઞાતિનાં સ્વ. દુર્ગાશંકર જયશંકર ત્રિવેદીનાં પુત્ર પ્રદિપભાઈ (ઉ.વ. ૬૪) તે કિરણભાઈ તથા હરીશભાઈનાં નાના ભાઈ અને તુલસીનાં પિતા, અનિતાબેનનાં પતિનું તા. ૨૩ને મંગળવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સ્વ. બેસણુ તા. ૨૬ને શુક્રવારનાં રોજ સાંજે ૪ થી ૬ મહાજન પાર્ટી પ્લોટ, સ્ટેશન રોડ–અમરેલી ખાતે રાખેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૧૯૦ | ૧૧૯૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૨૭ | ૪૫૮ |
| ૩ | ચણા | ૧૦૫૦ | ૧૧૩૬ |
| ૪ | તુવેર | ૧૦૬૦ | ૧૪૭૦ |
| ૫ | ધાણા | ૨૬૦૦ | ૨૭૦૦ |
| ૬ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ૭ | તલ કાળા | ૨૭૦૦ | ૩૦૯૦ |
| ૮ | મેથી | ૧૧૫૦ | ૧૨૫૦ |
| ૯ | શીંગ દાણા | ૧૩૫૧ | ૧૭૭૫ |
| ૧૦ | શીંગ ફાડા | ૧૫૦૦ | ૧૫૨૫ |

# ખાંભા ખાતે જે.એન. મહેતા હાઈસ્કુલ તેમજ કન્યાશાળા કુમાર શાળામાં પ્રવેશોત્સવ યોજાયો






તસ્વીર : રાજુ વાળા–ખાંભા

ખાંભા શહેરની વિવિધ શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. તેમાં જે એન મહેતા હાઈસ્કુલ તેમજ કન્યાશાળા તેમજ કુમાર શાળા ખાતે જિલ્લા પંચાયતના સદસ્ય અરવિંદભાઈ ચાવડાના અધ્યક્ષ સ્થાને શાળા પ્રવેશ ઉત્સવ કાર્યક્રમ યોજાયો હતો. તેમાં રાજકીય આગેવાનો દ્વારા દીપ પ્રાગટય કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં અને બાળકોને શાળા પ્રવેશ કરાવ્યો કુમાર શાળા ખાતે બાલ વાટિકામાં ૧૧ બાળ કો કન્યા શાળા ખાતે બાલવાટિકામાં ૧૨ બાળકો તેમજ જે એન મહેતા હાઈસ્કુલ ધોરણ નવ ૨૧૦ને વિદ્યાર્થીઓ તેમજ ધોરણ ૧૧માં ૧૨૭ જેટલા વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ કરાવ્યો હતો તેમજ આ કાર્યક્રમમાં રાજકીય આગેવાનો દ્વારા વિદ્યાર્થીઓને સંબોધન કરવામાં આવ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓ અભ્યાસમાં આગળ વધે પ્રગતિ કરે અને ખાંભા શહેરનું નામ રોશન કરે એવું આગેવાનો દ્વારા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી અને આ કાર્યક્રમના અંતે વૃક્ષારોપણ યોજાયો હતો. આ તકે જિલ્લા પંચાયતના સદસ્ય અરવિંદભાઈ ચાવડા, સરપંચ પ્રતિનિધિ બાબાભાઈ ખુમાણ, તાલુકા પંચાયત પ્રમુખ શિવલાલભાઈ સુદાણી, હમીરભાઈ ખાટડિયા, તાલુકા ભાજપ પ્રમુખ આનંદભાઈ ભટ્ટ, પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય નિર્મલસિંહ રાઠોડ, ભાણીયા ગામના સરપંચ ભગતભાઈ ભમ્મર તેમજ વાલીઓ શિક્ષકગણ સહિત ઉપસ્થિત રહ્યા હતા અને આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્ય તેમજ શિક્ષકોએ ભારે જેમ જ ઉઠાવી હતી.

### રીપેરિંગના નામે સતત બે દિવસ વીજળી ગુલ

# બગસરામાં પ્રવેશોત્સવ દરમિયાન PGVCLની ઘોર બેદરકારી

## સરકારી કાર્યક્રમમાં અધિકારીઓ, વિદ્યાર્થીઓ અકળાયા

બગસરા, તા. ૨૪

રાજય સરકારના અતિ મહત્વકાંક્ષી અને પ્રતિષ્ઠિત એવા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમિયાન બગસરા શહેરમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડની ગંભીર બેદરકારી સામે આવી છે. ત્રણ દિવસ સુધી ચાલનારા આ અગત્યના સરકારી ઉત્સવમાં વીજ પુરવઠો સતત કાર્યરત રાખવા માટે સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા વીજ કચેરીને અગાઉથી જ લેખિત અને મૌખિક જાણ કરવામાં આવી હોવા છતાં, તંત્રના પેટનું પાણી હલ્યું નહોતું. વીજ કંપની દ્વારા રીપેરિંગનું બહાનું ધરીને મંગળવારે તથા બુધવારે સવારે સીટી ફીડરમાં રીપેરીંગના નામે સતત બે દિવસ સુધી વીજકાપ કરી દેવામાં આવ્યો હતો. આ બેદરકારીની હદ ત્યારે વટાઈ ગઈ જયારે બંને દિવસ શહેરી વિસ્તારની અનેક શાળાઓમાં મુખ્ય પ્રવેશોત્સવનો કાર્યક્રમ ચાલુ હતો, બરાબર એ જ સમયે અચાનક લાઈટો ગુલ થઈ ગઈ હતી. ધોમધખતા તાપમાં લાઈટો ચાલી જતાં કાર્યક્રમ સ્થળે ભારે અવ્યવસ્થા સર્જાઈ હતી, જેના કારણે હાજર રહેલા નાના ભૂલકાઓ, વાલીઓ અને સરકારી અધિકારીઓ રીતસર અકળાઈ ઉઠયા હતા. સરકારના આટલા મોટા અને




તસ્વીર : સમીર વિરાણી–બગસરા

સંવેદનશીલ અભિયાન પ્રત્યે પીજીવીસીએલના સ્થાનિક અધિકારીઓએ દાખવેલું આ ઉદાસીન વલણ અત્યંત નજરે ચડે તેવું અને ક્ષમ્ય ન ગણાય તેવું છે. એક તરફ રાજય સરકાર શિક્ષણના વ્યાપ માટે આટલો મોટો ઉત્સવ ઉજવી રહી છે, ત્યારે બીજી તરફ સરકારી તંત્રનો જ એક ભાગ એવી વીજ કંપની આવા મહત્વના દિવસે જ મેઈન્ટેનન્સના નામે નાટક કરીને સહકાર આપવામાં નિષ્ફળ નીવડી છે. પૂર્વ જાણકારી હોવા છતાં પણ આવી ઘોર બેદરકારી દાખવનાર જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓ સામે તાત્કાલિક ધોરણે કડક શિસ્તભંગના પગલાં ભરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી રહી છે. ઉચ્ચ કક્ષાએથી આ મામલે તપાસના આદેશ આપીને બગસરા વીજ કચેરીની આ ગંભીર બેદરકારી સામે કડક કાનૂની કે વહીવટી કાર્યવાહી કરવામાં આવે તે અનિવાર્ય બન્યું છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# વડિયા મોંઘીબા પે.સે.શાળામાં પ્રવેશત્સવ અને સ્ટેમ લેબનું ઉદ્ઘાટન




વડિયા, તા. ૨૪

વડીયાની મોંઘીબા પે. સેન્ટર શાળા ખાતે આજે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭નો 'શાળા પ્રવેશોત્સવ અને કન્યાકેળવણી મહોત્સવ' ભવ્યતાથી યોજાયો હતો. કાર્યક્રમમાં બાલવાટિકા અને આંગણવાડીના ભૂલકાઓને કુમકુમ તિલક કરી, મોં મીઠું કરાવીને ઉત્સાહભેર પ્રવેશ અપાયો હતો. આ સાથે જ શાળાના નવા બિલ્ડિંગમાં અત્યાધુનિક 'સ્ટેમ લેબ' (STEM Lab)નું ઉદ્ઘાટન પણ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે અમરેલી જિલ્લા પંચાયત સદસ્ય પારૂલબેન ચેતનભાઈ દાફડા, વડીયાના સરપંચ મનીષભાઈ ઢેલરિયા, તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા તથા તા.પં.સદસ્ય શિલ્પાબેન હરેશભાઈ રાદડીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શાળા સ્ટાફ, એસ.એમ.સી. (SMC) પરિવાર, સ્થાનિક પત્રકારો અને મોટી સંખ્યામાં ગ્રામજનો તેમજ વાલીઓની હાજરીમાં આ શૈક્ષણિક ઉત્સવ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

### સ્થાનિક કક્ષાએ વિશ્વ સ્તરીય સારવાર

# અમરેલી ખાતે શાંતાબા જનરલ હોસ્પિટલમાં કેન્સરનાં દર્દીની સફળ સારવાર કરાઈ

## જિલ્લાનાં દર્દીઓને અમદાવાદ, રાજકોટ જવુ નહી પડે



અમરેલી, તા. ૨૪

અમરેલીની શાંતાબા મેડિકલ કોલેજ એન્ડ જનરલ હોસ્પિટલ ખાતે વધુ એક ગંભીર અને જટિલ કેન્સરના દર્દીને સફળ સારવાર દ્વારા નવજીવન આપવામાં આવ્યું છે. કાંતાબેન ભુપતભાઈ ચેહાણ પેટમાં અસહ્ય દુખાવો, ભારેપણું તથા અન્ય ગંભીર તકલીફો સાથે હોસ્પિટલમાં આવ્યા હતા. દર્દીની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને જાણીતા ફિઝિશિયન અને ક્રિટિકલ કેર નિષ્ણાત ડો. કેતન ધાનાણી દ્વારા તાત્કાલિક દાખલ કરી જરૂરી સારવાર અનેતપાસ શરૂ કરવામાં આવી.

વિસ્તૃત તપાસ બાદ દર્દીને અંડાશયનું કેન્સર (Ovarian Cancer) હોવાનું નિદાન થયું. દર્દીની સ્થિતિ અત્યંત ગંભીર અને પડકારજનક હોવાથી સર્જિકલ ઓન્કોલોજી, મેડિકલ ઓન્કોલોજી, ગાયનેકોલોજી અને ક્રિટિકલ કેર નિષ્ણાતોની ટીમ દ્વારા સંયુકત આયોજન કરવામાં આવ્યું. ત્યારબાદ સર્જિકલ ઓન્કોલોજિસ્ટ ડો. નિકુંજ પટેલ, ડો. વીર શાહ, જનરલ સર્જન ડો. નિકુંજ ભેંસાણિયા તથા ગાયનેકોલોજી ટીમ દ્વારા અત્યંત જટિલ અને ઉચ્ચ કેશલ્ય ધરાવતી કેન્સર સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી હતી. સર્જરી બાદ દર્દીની સ્થિતિ સારી છે અને તેઓ ઝડપથી સ્વસ્થતા તરફ આગળ વધી રહ્યા છે.

વિશેષ નોંધનીય બાબત એ છે કે દર્દીની સમગ્ર સારવાર ભારત સરકાર અને ગુજરાત સરકારની આરોગ્ય યોજનાઓ હેઠળ કરવામાં આવી છે, જેના કારણે દર્દી પરિવારને લાખો રૂપિયાના ખર્ચમાંથી રાહત મળી છે અને ઉચ્ચ કક્ષાની કેન્સર સારવારનો લાભ નિઃશુલ્ક મળી શકયો છે.

શાંતાબા કેન્સર કેર સેન્ટર, અમરેલી ખાતે હવે કેન્સરના દર્દીઓને નિષ્ણાતોની સંપૂર્ણ ટીમ એક જ છત નીચે ઉપલબ્ધ છે. અહીં મેડિકલ ઓન્કોલોજી વિભાગમાં ડો. અશોક પરમાર, ડો. હસમુખ બાલર અને ડો. મયુર મિરૂલિયા, સર્જિકલ ઓન્કોલોજી વિભાગમાં ડો. વીર શાહ, ડો. નિકુંજ પટેલ, ડો. દર્શન પટેલ અને ડો. રવિરાજસિંહ ગોહિલ તેમજ રેડિએશન ઓન્કોલોજી વિભાગમાં ડો. રાહુલ મિશ્રા અને ડો. સાર્થક મોહરીર પોતાની નિષ્ણાત સેવાઓ પૂરી પાડી રહ્યા છે.

આધુનિક કેન્સર સર્જરી, કીમોથેરાપી, ટાર્ગેટેડ થેરાપી, ઈમ્યુનોથેરાપી, હેમેટો–ઓન્કોલોજી, પેલિયેટિવ કેર તથા અન્ય અદ્યતન સારવાર સુવિધાઓના કારણે અમરેલી અને આસપાસના જિલ્લાઓના દર્દીઓને હવે અમદાવાદ, રાજકોટ અથવા અન્ય મોટા શહેરોમાં જવાની જરૂર રહેતી નથી.

શાંતાબા હોસ્પિટલનું કેન્સર વિભાગ દર્દીઓને સમયસર નિદાન, ઉચ્ચ કક્ષાની સારવાર અને સરકારી યોજનાઓનો મહત્તમ લાભ અપાવી દર્દી કેન્દ્રિત સેવા આપવા માટે સતત કાર્યરત છે.

# ગજેરા કેમ્પસ વિદ્યાસભા ખાતે જ્ઞાનશકિત રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એકસીલેન્સ દ્વારા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રગતિનો પ્રવેશોત્સવ ઉજવાયો








અમરેલી, તારીખ ૨૪ જૂન ૨૦૨૬ના રોજ શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સંચાલિત જ્ઞાનશકિત રેસીડેન્સીયલ સ્કુલ ઓફ એકસેલન્સ ૧ અને ૨માં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી આ પ્રસંગે ૫૫૦ જેટલા નવા વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ કરાવવામાં આવ્યો. પ્રવેશોત્સવ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સચિવ ગુજરાત સરકાર નાણાં વિભાગ (આર્થિક બાબતો) અધિકારી સંદીપ કુમાર, તિજોરી અધિકારી અમરેલી સાગરભાઈ વાઘાણી, જિલ્લા નગર શિક્ષણ શાશના અધિકારી આશિષભાઈ જોષી, લાઈઝન અધિકારી, આચાર્ય સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા સુનિલભાઈ ગોયાણી તેમજ સંસ્થાના ઉપપ્રમુખ હેમેન્દ્રભાઈ મહેતા, મંત્રી ચતુરભાઈ ખૂટ અને કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી, એમ.કે. સાવલીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પ્રવેશોત્સવ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનોનું સ્વાગત કરી બેન્ડ દ્વારા જ્ઞાન શકિત સ્કૂલ બિલ્ડીંગમાં સરસ્વતી માતાને આરતી સાથે વિદ્યાર્થીઓના ઉજવળ ભવિષ્ય માટે પ્રાર્થના કરેલ હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓને મુખ્ય મહેમાનો દ્વારા વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી શાળામાં પ્રવેશ કરાવેલ હતો. સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા શાળામાં મળતી સુવિધાઓ જેવી કે સાયન્સ લેબ, અટલ ટીંકરીંગ લેબ, કોમ્પ્યુટર લેબ, લાઈબ્રેરી, વોકેશનલ એજયુકેશન ડેવલપમેન્ટ સેન્ટર તેમજ રમત–ગમત ગ્રાઉન્ડ, શૂટિંગ રેન્જ વગેરે શાળા પરિસરની મહેમાનશ્રી ઓને વિઝીટ કરાવી માહિતગાર કરાવ્યા હતા. મહેમાનોએ અભ્યાસ તેમજ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ માટે ઉપલબ્ધ કરાવેલ સુવિધાઓ નિહાળી વિદ્યાર્થીઓને બેસ્ટ શાળામાં પ્રવેશ મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા સાથે સાથે સંસ્થામાં લેટેસ્ટ ટેકનોલોજી વાળા એ.આઈ. સિસ્ટમ દ્વારા સંચાલિત સ્માર્ટ કલાસની માહિતી મેળવી અમરેલી જિલ્લામાં વિદ્યાર્થીઓને મળતું શ્રેષ્ઠ શિક્ષણ બદલ સંસ્થા મેનેજમેન્ટને પણ શુભેચ્છાઓ પાઠવેલી હતી. સ્ટેજ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ મહેમાનોનું પુસ્તકો દ્વારા સ્વાગત કરેલું ત્યારબાદ વિદ્યાર્થીનીઓએ સ્વાગત ગીત રજૂ કર્યું તેમજ રાજય કક્ષાએ જ્ઞાન શકિતના વિદ્યાર્થીઓએ મેળવેલ સિદ્ધિઓ બદલ સન્માનિત કરવામાં આવ્યા. સાથે વિદ્યાર્થીઓએ કૃતિ સરાહનીય રહી હતી. મુખ્ય મહેમાન સંદીપ કુમારના પ્રેરક ઉદબોધનમાં વિદ્યાર્થીઓને જીવનમાં મહેનત કરી આગળ વધવા સાથે શિક્ષણની મહત્વતા સમજાવવામાં આવી તેમજ તમામ વિદ્યાર્થીઓને યોજના અંતર્ગત પ્રવેશ મળવા બદલ શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ આ કાર્યકમને સફળ બનાવવા સ્ટાફ દ્વારા જેહમત ઉઠાવેલ. નોંધનીય છે કે સમગ્ર ગુજરાતમાં શાળા પસંદગી અંતર્ગત સૌથી વધુ પસંદગી શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસ વિદ્યાસભા સંચાલિત જ્ઞાનશકિત રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એકસેલન્સને પ્રાપ્ત થઈ છે, જે સંસ્થાની ગુણવત્તાસભર શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ઉત્તમ પ્રતિબિંબ છે. પસંદગી કરવામાં આવેલ હોય તે તમામ વિદ્યાર્થીઓ વાલીઓ અને સ્ટાફને સર્વોતમ શિક્ષણના સ્વપ્ન દ્રષ્ટા સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા દ્વારા શુભકામનાઓ પાઠવેલ. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

આયુર્વેદ ફ્રી નિદાન કેમ્પ તથા સુવર્ણપ્રાશન
તારીખ : ૨૫/૦૬/૨૦૨૬, ગુરૂવાર
આ કેમ્પમાં પેટના રોગો, હરસ-મસા, ભગંદર, વાયુના રોગો, સાંધાના દુ:ખાવાના રોગો,
પંચકર્મ, ડાયાબીટીસ રોગ, ચામડીના રોગો, વ્યંધ્યત્વ તેમજ જુના હઠીલા રોગો માટે
ફ્રી નિદાન તેમજ સારવાર તથા સુવર્ણપ્રાશન કેમ્પ
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા આયુર્વેદ હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯
સંપર્ક : 99789 66629

## કુંકાવાવ પંથકની પ્રાથમિક શાળામાં બાળકોને શાળામાં પ્રવેશ કરાવતાં રાજયમંત્રી કૌશિક વેકરિયા

# અમરેલી જિલ્લામાં ડ્રોપઆઉટ રેશિયો ઝીરો કરવાનું લક્ષ્ય

- રાજયમંત્રીએ શાળા વ્યવસ્થાપન સમિતિની બેઠકમાં વિવિધ મુદ્દે ચર્ચા કરી
- શિક્ષણ સહિતનાં ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર તેજસ્વી તારલાઓનું સન્માન કરાયુ
- કુંકાવાવ તાલુકામાં દરેક સરકારી પ્રાથમિક શાળાઓમાં નવા અધતન બિલ્ડિંગ બની રહ્યા છે : વેકરિયા
- મહાનુભાવોએ શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ સહિતનાં પર્યાવરણ અને લોકલક્ષી કાર્યો કરાયા



અમરેલી, તા. ૨૪
સમગ્ર રાજયમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૬-૨૭ ૨૪મી કડીનો પ્રારંભ થઈ ચૂકયો છે. બીજા દિવસે ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ કુંકાવાવ તાલુકાના ઈરીયા, બાંભણીયા અને દડવા રાંદલ મુકામે સરકારી પ્રાથમિક શાળા ખાતે બાલવાટિકા, આંગણવાડી અને ધોરણ-૧ના બાળકોને ઉત્સાહભેર પ્રવેશ કરાવીને નામાંકન કરાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ઈરીયા મુકામે બાલવાટિકામાં કુલ ૧૩ બાળકોનું નામાંકન કરવામાં આવ્યું હતું. બાંભણીયા મુકામે બાલવાટિકામાં ૮ અને આંગણવાડીમાં ૧૫ જયારે દડવા રાંદલ મુકામે બાલવાટિકાના બાળકોનું નામાંકન સંપન્ન થયું હતું. ભૂલકાઓને કુમ કુમનું તિલક કરીને મોઢું મીઠું કરાવી શાળાના પટાંગણમાં આવકારવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આજે બાળકો હસતાં-રમતાં ઉમળકાભેર શાળા પ્રવેશ કરી રહ્યા છે. ગુજરાત રાજય સરકારે અદ્યતન સુવિધાઓથી સંપન્ન શાળાઓ બનાવી છે. આ સાથે શિક્ષકો પણ પોતાના બાળકની જેમ

અનુસંધાન પાના ૬ ઉપર

### ખાંભાનાં આંબલીયાળા ગામનાં

## ખેડૂતનું પાળ ઉપર ચડતી વખતે પગથીયા પરથી પડી જવાથી મોત

### બગસરામાં યુવકે ગળાફાંસો ખાઈ લીધો

અમરેલી, તા. ૨૪
ખાંભા તાલુકાના આંબલીયાળા ગામે રહેતા દડુભાઈ પુનાભાઈ સોલંકી નામના ૪૬ વર્ષિય ખેડૂતગતતા.૨૧નાંરોજસાંજનાઆશરે

અનુસંધાન પાના ૬ ઉપર

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
Krishna Dining Hall
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફૂલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,31,300/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ
જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ
જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૪૯ ૭૩૧૩૧

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1 (1 to 3 Year experience in FMCG)
• Liaisonig Officer - 1
• Sales & Marketing Officer - 3 (Ice Cream / Milk / Snacks)
• Reporting Manager - 1
• Sales Co - Ordinator - 1
• Trainer - 1
Location :
Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW

## ઋણ સ્વીકાર

અમારા માતૃશ્રી
**નુરબાનુબેન બરકતભાઈ ગાંગાણીનું**
તા. ૧૬/૦૬/૨૦૨૬ ના દુખદ અવસાન થતા તેમની અંતિમક્રિયા, બેસણામાં અને ચેહલુમની દુઆમાં ઉપસ્થિત રહીને તેમજ સોશિયલ મીડિયા અને ટેલીફોનીક તેમજ વર્તમાનપત્ર દ્વારા અમારા દુઃખમાં ભાગ લઈને અમોને હુંફ, સાંત્વના અને આશ્વાસન આપનાર બાબરા ઈસ્માઈલી સમાજ, ઈસ્માઈલી જેન્ટસ-લેડીઝ, વોલીન્ટીયર્સ, બહારગામથી ઉપસ્થિત રહેલા સગા-વ્હાલાઓ, AKDN સંસ્થાના માનનીય હોદ્દેદારો, આગેવાનો, માનનીય ધારાસભ્યશ્રી, માજી ધારાસભ્યશ્રીઓ, રાજકીય અને સામાજિક આગેવાનો, શૈક્ષણિક સ્ટાફ, મેઘાણી હાઈસ્કુલ બગસરા શૈક્ષણિક સ્ટાફ પરિવાર, ભાગીદારો, વકીલો, ડોકટરો, વેપારીઓ, માર્કેટ યાર્ડના વેપારીઓ અને સ્ટાફગણ, જીનીંગ અને સ્પીનીંગ ઉદ્યોગ સાથે સંકળાયેલા જીનર્સ અને સ્પીનર્સ ભાઈઓ, બ્રોકર્સ.....,
પત્રકાર મિત્રો, સર્વે જ્ઞાતિના સ્નેહીજનો તેમજ નામી-અનામી એ તમામનો અમો હૃદયપૂર્વક જાહેર આભાર વ્યકત કરીએ છીએ અને અમો દરેકના સદાય ઋણી રહીશું.....



મર્હુમા
નુરબાનુબેન બરકતભાઈ ગાંગાણી
(ઉ.વ. ૮૦)

-:: લી. ::-
શૌકતભાઈ બરકતભાઈ ગાંગાણી
અનવરભાઈ બરકતભાઈ ગાંગાણી
નવરોઝભાઈ બરકતભાઈ ગાંગાણી
નાદીરભાઈ બરકતભાઈ ગાંગાણી

-:: લી. ::-
ભીમજીભાઈ રવજીભાઈ ગાંગાણી પરિવાર
અમુલ કોટન ઈન્ડસ્ટ્રીઝ-બાબરા
રાધેશ્યામ કોટસ્પીન પ્રા.લી.-બાબરા
૯૪૨૬૨ ૨૩૮૬૫/૯૪૨૭૨ ૬૦૧૭૯

सुश्रुत
આયુર્વેદ હોસ્પિટલ
ડો. દિક્ષીતા ભંડેરી (રીબડીયા) (એમ.એસ.આયુર્વેદ)
હરસ-મસા-ભગંદર
તથા પંચકર્મના નિષ્ણાંત
ગેસ, એસીડીટી, કબજીયાત, ચામડીના રોગો
માનસીક રોગ, માઈગ્રેન, વજન ઘટાડવું
તમામ પ્રકારના વાં (દુઃખાવા), સ્ત્રીરોગ
વગેરેમાં જળમુળથી થતી પંચકર્મ સારવાર
સ્થળ : માણેકપરા, નારી હોસ્પિટલની બાજુમા, અમરેલી
મો. ૭૨૧૧૧ ૨૯૫૯૮

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS)
દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)